પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૫ • અંક : ૨૨૬ • કુલ પાના : ૪ • તારીખ : ૧૯-૦૫-૨૦૨૨ ગુરૂવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

આખરે હાર્દિક પટેલે કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યું, ભાજપમાં જોડાય તેવી સંભાવના

મને ખાતરી છે કે મારા નિર્ણયને મારા તમામ સાથીદારો અને ગુજરાતની જનતા આવકારશે

ગાંધીનગર,

ગુજરાતના રાજકારણમાં મોટો ભુકંપ આવ્યો છે. કોંગ્રેસથી નારાજ હાર્દિક પટેલે કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું છે. હાર્દિક પટેલે ટ્વીટમાં લખ્યું છે કે આજે હું હિંમતભેર કોંગ્રેસ પાર્ટીના પદ અને પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપું છું, મને ખાતરી છે કે મારા નિર્ણયને મારા તમામ સાથીદારો અને ગુજરાતની જનતા આવકારશે, હું માનું છું કે હાર્દિકનું આ પગલું તે પછી હું ભવિષ્યમાં ગુજરાત માટે ખરેખર હકારાત્મક રીતે કામ કરી શકીશ.ેલ્લા કેટલાક સમયથી કોંગ્રેસની નબળી નેતાગિરી અને નિર્ણય લેવાની શક્તિને લઈને હાર્દિક પટેલ નારાજ હતા. ત્યારે છેલ્લા કેટલાક સમયથી અટકળો ચાલી રહી હતી કે હાર્દિક પટેલ કોંગ્રેસમાંથી રાજીનામું આપી શકે છે. ત્યારે ગુજરાતમાં આગામી વિધાનસભાની ચૂંટણી પહેલાં રાજ્યમાં કોંગ્રેસની સંભાવનાઓને મોટો આંચકો લાગ્યો છે.

હાર્દિક પટેલે ટ્વિટ કરીને જણાવ્યું હતું કે આજે હું હિંમત કરીને કોંગ્રેસ પાર્ટીના પદ અને પાર્ટીની પ્રાથમિક સદસ્યાથી રાજીનામુંઆપુ છું. મને વિશ્વાસ છે કે મારા આ નિર્ણયનું સ્વાગત મારા દરેક સાથી ગુજરાતની જનતા કરશે. હું માનું છું કે મારા આ નિર્ણય બાદ હું ભવિષ્યમાં ગુજરાત માટે ખરેખર સકારાત્મક રૂપથી કાર્ય કરી શકીશ.

હાર્દિક પટેલે ટ્વીટ કર્યું છે કે મને વિશ્વાસ છે કે મારા દરેક સાથીદારો અને ગુજરાતના લોકો મારા આ નિર્ણયનું સ્વાગત કરશે. હું માનું છું કે મારા આ પગલાં પછી હું ભવિષ્યમાં ગુજરાત માટે ખરા અર્થમાં સકારાત્મક રીતે કામ કરી શકીશ."

છેલ્લા ત્રણ વર્ષથી મને માલુમ પડ્યું છે કે કોંગ્રેસ પાર્ટી ફક્ત વિરોધની રાજનીતિ સુધી સીમિત રહી ગઈ છે, જ્યારે દેશના લોકોને એક એવા વિકલ્પની જરૂર છે, જે તેમના ભવિષ્યનું વિચારે અને દેશને આગળ લઈ જવાની ક્ષમતા ધરાવે. અયોધ્યામાં શ્રી રામનું મંદિર હોય, સીએએ એનઆરસીનો મુદ્દો હોય, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવાનો મુદ્દો હોય, જીએસટી લાગૂ કરવાનો નિર્ણય હોય, દેશ ખૂબ લાંબા સમયથી આ મુદ્દાઓનું સમાધાન ઇચ્છી રહ્યો હતો. કોંગ્રેસ પાર્ટી આ વાતોમાં ફક્ત વિઘ્ન બનવાનું કામ કરતી રહી છે. ભારત દેશ હોય, ગુજરાત હોય કે મારો પટેલ સમાજ હોય, દરેક મુદ્દે કોંગ્રેસ પાર્ટીનું સ્ટેન્ડ ફક્ત કેન્દ્ર સરકારનો વિરોધ કરવા પૂરતું સીમિત રહ્યું છે. દેશના દરેક રાજ્યના લોકોએ કોંગ્રેસને જાકારો આપ્યાનું કારણ એવું છે કે, કોંગ્રેસ પાર્ટી અને તેનું નેતૃત્વ લોકો સમક્ષ પ્રાથમિક રોડમેપ પણ રજૂ કરી શકી નથી.

કોંગ્રેસ પાર્ટીના શીર્ષ નેતૃત્વનું કોઈ પણ મુદ્દા પ્રત્યે ગંભીર ન હોવું મોટો મુદ્દો રહ્યો છે. હું જ્યારે પણ કોંગ્રેસના શીર્ષ નેતૃત્વને મળ્યો ત્યારે લાગ્યું કે નેતૃત્વનું ધ્યાન ગુજરાતના લોકો અને પાર્ટીની સમસ્યા સાંભળવાને બદલે મોબાઇલ અને અન્ય વસ્તુઓ પર હતું. જ્યારે દેશ સંકટમાં હતો અથવા કોંગ્રેસને નેતૃત્વની સૌથી વધારે જરૂરિયાત હતી ત્યારે અમારા નેતા વિદેશમાં હતા. શીર્ષ નેતૃત્વનું ગુજરાત પ્રત્યે એવું વલણ રહ્યું છે કે જાણે તેમને ગુજરાત અને ગુજરાતીઓ પ્રત્યે નફરત હોય. આવા કેસમાં કોંગ્રેસ કેવી રીતે અપેક્ષા રાખી શકે કે ગુજરાતના લોકો તેમને વિકલ્પ તરીકે જુએ?

દુઃખ થાય છે જ્યારે મારા જેવા નેતા દરરોજ પોતાના ગાડીમાં, પોતાના ખર્ચે ૫૦૦-૬૦૦ કિલોમીટરનો પ્રવાસ કરે છે, લોકની વચ્ચે જાય છે અને પછી જોઈએ છીએ કે ગુજરાતના મોટા નેતાઓ તો જનતાના મુદ્દાઓથી દૂર રહીને ફક્ત એ વાતનું ધ્યાન રાખે છે કે દિલ્હીથી આવેલા નેતાઓને તેમની ચિકન સેન્ડવિચ સમયસર મળી કે નહીં. હું જ્યારે પણ યુવાઓ વચ્ચે ગયો ત્યારે લોકોએ એક જ વાત કહી કે તમે આવી પાર્ટીમાં કેમ છો, જે દરેક રીતે ગુજરાતીઓનું અપમાન કરે છે. પછી તે ઉદ્યોગ ક્ષેત્ર હોય, ધાર્મિક ક્ષેત્ર હોય કે પછી રાજનીતિ ક્ષેત્ર હોય. મને લાગે છે કે કોંગ્રેસ પાર્ટીઓએ યુવાઓનો વિશ્વાસ તોડ્યો છે, આજ કારણ છે કે આજે કોઈ પણ યુવા નેતા કોંગ્રેસ પાર્ટીમાં જોવા મળતો નથી.

મારે મોટા દુઃખ સાથે કહેવું પડે છે કે આજે ગુજરાતના દરેક લોકો જાણે છે કે કોંગ્રેસના મોટા નેતાઓએ કઈ રીતે જાણી જોઈને ગુજરાતની જનતાના મુદ્દાઓને નબળા કર્યાં છે, તેના બદલામાં તેમણે આર્થિક ફાયદા ઉઠાવ્યા છે. રાજનીતિક વિચારધારા અલગ હોઈ શકે છે, પરંતુ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ આ રીતે વેચાય જાય તે રાજ્યના લોકો માટે મોટો વિશ્વાસઘાત છે.

રાજનીતિમાં સક્રિય તમામ લોકોનો ધર્મ હોય છે કે લોકો માટે કાર્ય કરતા રહે, પરંતુ દુર્ભાગ્યની વાત છે કે કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતના લોકો માટે કંઈ સારું નથી કરવું. આથી જ્યારે હું ગુજરાતમાં કંઈક કરવા માંગતો હતો ત્યારે પાર્ટીએ મારો તિરસ્કાર કર્યો. મેં વિચાર્યું ન હતું કે કોંગ્રેસ પાર્ટીનું નેતૃત્વ અમારા પ્રદેશ, અમારા સમાજ અને ખાસ કરીને યુવાઓ પ્રત્યે મનમાં આવો દ્વેશ રાખે છે.

કોઈ પણ વ્યક્તિના પક્ષમાં પ્રવેશનો નિર્ણય તો ટોચનું નેતૃત્વ જ કરતું હોય છે : નીતીન પટેલ

ગુજરાતનું રાજકારણ જે દિવસની રાહ જોઈ રહ્યુ હતું એ દિવસ આવી ગયો. કોંગ્રેસથી નારાજ થયેલા પાટીદાર નેતા હાર્દિક પટેલે પાર્ટીને આડે હાથે લેતા એક વિસ્ફોટક પત્ર લખી રાજીનામું આપ્યું. હાર્દિક પટેલે કોંગ્રેસ પાર્ટીમાં પોતાના પદ અને પાર્ટીના સદસ્ય તરીકે પણ રાજીનામું ધરી દીધું. ગુજરાત કોંગ્રેસના નેતાઓના કથિત સેટિંગ અને કોંગ્રેસમાં નેતૃત્વનો અભાવ અને અણદેખી સહિતના હજારો કારણો મૂકી હાર્દિક કોંગ્રેસનું બ્રેકઅપ થઈ ગયું છે. હાર્દિકના રાજીનામાં બાદ પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે પ્રતિક્રિયા આપી છે.

નીતિન પટેલે કહ્યું, 'કોંગ્રેસમાં જોડાયા એ એમનો અંગત નિર્ણય હતો. કોંગ્રેસમાં ન ફાવ્યું અને રાજીનામું આપી દીધું એ પણ એમનો અંગત નિર્ણય છે. એટલે અત્યારે આપણે જે કઈ પણ જોઈએ છીએ એ હાર્દિક પટેલનો અંગત નિર્ણય છે.' નીતિન પટેલે ઉમેર્યું કે હાર્દિક ભાઈએ પાટીદાર આંદોલન વખતે જાહેર કર્યુ હતું કે હું કોઈ પક્ષમાં નહીં જોડાઉ, છતાં તેઓ કોંગ્રેસમાં જોડાયા. એ પણ એમનો અંગત નિર્ણય હતો. આજે છોડી રહ્યા છે એ પણ એમનો અંગત નિર્ણય છે. નીતિન પટેલને ગુજરાતીએ સવાલ કર્યો કે શું હાર્દિક પટેલ ભાજપમાં જોડાઈ જશે, શું હાર્દિક કેસરિયા કરશે? આ અંગે નીતિન પટેલે જણાવ્યું કે જુઓ હાલ તો આ અંગે મીડિયામાં અહેવાલો ચાલી રહ્યા છે તે તથ્ય વગરના છે. જોકે, કોઈ પણ વ્યક્તિના પક્ષમાં પ્રવેશનો નિર્ણય તો ટોચનું નેતૃત્વ જ કરતું હોય છે. આ અંગે હાલ કઈ પણ અટકળો કરવી યોગ્ય નથી.

હાર્દિક પટેલના રાજીનામા બાદ સવાલ એ ઊભો થઈ રહ્યો છે કે શું ભારતીય જનતા પાર્ટી હાર્દિક પટેલનું અનામત આંદોલન ભૂલી અને તેનું પાર્ટીમાં હાર્દિક સ્વાગત કરશે? હાર્દિકના આંદોલનના કારણે વર્ષ ૨૦૧૫-૨૦૨૧૭ સુધી ભાજપ પારવાર નુકસાન ભોગવ્યું હતું. આનંદી બેન પટેલની સરકાર પણ બદલી પડી હતી. આમ આ રાજકીય ગતીવિધીઓ રસપ્રદ બની રહેશે.

ગુજરાત માટે આગામી બે દિવસો આકરા, સુરેન્દ્રનગર સૌથી હોટ શહેર



અમદાવાદ,

દેશના ઘણા રાજ્યોમાં હાલ ભીષણ ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે. રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી ગરમીમાંથી આંશિક રાહત મળ્યા ફરી એકવાર મૌસમનો મિજાજ બદલાવવાનો છે. આગામી ૪૮ કલાકમાં ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, કચ્છમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં ૧૯ અને ૨૦ તારીખે હિટવેવની આગાહી કરવામાં આવી છે. રાજ્યના ૬ શહેરોમાં ગરમીનો પચઆરો ૪૦ ડિગ્રીને પાર પહોંચી ગયો છે. રાજ્યમાં સુરેન્દ્રનગર સૌથી ગરમ શહેર રહ્યું હતું.

હવામાન વિભાગે આગાહી કરી છે કે, રાજ્યમાં હાલ કાળઝાળ ગરમી યથાવત રહેશે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી ૨ દિવસ હિટવેવની આગાહી કરવામાં આવી છે. આગામી ૪૮ કલાકમાં ગાંધીનગર, અમદાવાદ, સુરેન્દ્રનગર, કચ્છમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. અમદાવાદમાં ૧૯ અને ૨૦ તારીખે હિટવેવની આગાહી કરવામાં આવી છે.આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતમાં ૨૦ અને ૨૧ તારીખે વાદળછાયુ વાતાવરણ રહેશે. આ સાથે ગુજરાતમાં જૂનના બીજા સપ્તાહમાં ચોમાસુ દસ્તક આપી શકે છે.

તાપમાનની જો વાત કરીએ તો રાજ્યમાં સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૨.૩ ડિગ્રી તાપમાન નોંધાયું છે તો રાજકોટમાં ૪૨ ડિગ્રી, અમદાવાદમાં ૪૧.૭ ડિગ્રી તાપમાન, ગાંધીનગરમાં ૪૦.૩ જ્યારે વડોદરામાં ૪૦.૧ ડિગ્રી તાપમાન ડિગ્રી તાપમાન પહોંચ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ગુજરાતમાં જૂનના બીજા અઠવાડિયામાં ચોમાસુ એન્ટ્રી મારી આપી શકે છે. રાજ્યમાં પ્રિમોન્સૂન એક્ટિવિટી મેના અંત સુધીમાં શરૂ થઈ શકે છે.

મુળ વડોદરાના મેરી એન્ટોની યુકેમાં રોયસ્ટોનના મેયર બન્યા

લંડન,

વડોદરાની પ્રતાપ ગંજની સ્કુલના શિક્ષક મેરી એન્ટોની લંડન નજીકના ટાઉન રોયસ્ટોનના મેયર બન્યા છે. આ સિદ્ધિ મેળવનારા તેઓ પ્રથમ ભારતીય અને એશિયન છે. તેઓ રોઝરી સ્કુલમાં ૧૯૯૫ થી ૨૦૦૭ સુધી ૧૨ વર્ષ શિક્ષક તરીકે રહ્યા હતા. મેરી એન્ટોની મૂળ કેરળના અને વડોદરાના સુભાનપુરામાં નિવાસ કરતા હતા. તેઓ રોયસ્ટોન આવ્યા બાદ કમ્યુનીટી સર્વિસ તરીકે કામગીરી કરતા હતા.

તેઓ કોઈ રાજકીય પક્ષ સાથે જોડાયેલા ન હોવા છતાં મેયર બન્યા. રોયસ્ટોનની ૨૫ હજારની આસપાસ વસ્તી છે. જેમાં ૪૪ ભારતીય કુટુંબ છે. જેમાં વડોદરા ઉપરાંત ભારતના અન્ય રાજયોનાં લોકો વસવાટ કરે છે.

વડોદરાના ડો. રોબિન સાથે લગ્ન કર્યા બાદ રોયસ્ટોનમાં સ્થાયી થયા હતા. મેરી એન્ટોની રોયસ્ટોન ટાઉન પાર્ટી સાથે જોડાયેલા છે. તે પાર્ટીએ પહેલીવાર ચૂંટણીમાં ઝંપલાવ્યુ હતું. તેઓ અનેક સેવાકીય સંસ્થા સાથે જોડાય સેવા પ્રવૃતિ કરે છે. તેમના પતિ ડો. રોબીન આઈપીસીએલ સાથે જોડાયેલા હતા. તેમને રિયા અને રિવા ગામના બે સંતાન છે.

ભારતને લાંબા ગાળાના સુરક્ષા ભાગીદાર તરીકે રજૂ કરવા માટે બિડેન વહીવટીતંત્ર દ્વારા પહેલ

નવીદિલ્હી,

ભારત-અમેરિકાના સંબંધો ઊંચા સ્તરે છે અને અમેરિકા આ 'ખાસ સંબંધ'ને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ બાબતથી વાકેફ લોકોએ કહ્યું કે અમેરિકા ભારત સાથે તેના સુરક્ષા સંબંધોને મજબૂત કરવા માંગે છે અને આ માટે તે રશિયન હથિયારો પર ભારતની નિર્ભરતા ઘટાડવા માટે લશ્કરી સહાય પેકેજ તૈયાર કરી રહ્યું છે. વિચારણા હેઠળના પેકેજમાં ૫૦૦ મિલિયનનું વિદેશી લશ્કરી ભંડોળ સામેલ હશે. જો આમ થશે તો ઈઝરાયેલ અને ઈજિપ્ત પછી ભારત ત્રીજો દેશ હશે જેને અમેરિકી સૈન્ય મદદ મળશે. ૫૦૦ મિલિયન ડોલરનું યુએસ સૈન્ય ભંડોળ ભારતને ઈઝરાયેલ અને ઈજિપ્ત પછી આ પ્રકારની સહાય મેળવનાર સૌથી મોટા દેશોમાંનું એક બનાવશે, આ બાબતના નિષ્ણાતોએ જણાવ્યું હતું. જો કે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આ ડીલ ક્યારે જાહેર થશે, કે કયા હથિયારો સામેલ હશે.

જણાવી દઈએ કે અમેરિકાના દબાણ છતાં ભારતે યુક્રેન પર રશિયન હુમલાને લઈને રશિયાની ટીકા કરવાનું ટાળ્યું છે. અમેરિકાના એક વરિષ્ઠ અધિકારીએ જો કે, રશિયાની ટીકા કરવાની અનિચ્છા હોવા છતાં, રાષ્ટ્રપતિ જો બિડેનના લાંબા સમયથી ચાલતા સંબંધોમાં ભારતને સૈન્ય સહાય પૂરી પાડવાના પ્રયાસો છુપાયેલા હોવાનું ધ્યાન દોર્યું હતું. તેમણે કહ્યું કે આ ભારતને લાંબા ગાળાના સુરક્ષા ભાગીદાર તરીકે રજૂ કરવા માટે બિડેન વહીવટીતંત્ર દ્વારા ઘણી મોટી પહેલનો એક ભાગ છે.

અધિકારીએ કહ્યું કે વોશિંગ્ટન ઈચ્છે છે કે આખું ભારત તેને એક વિશ્વસનીય ભાગીદાર તરીકે જુએ અને વહીવટીતંત્ર ફ્રાન્સ સહિત અન્ય દેશો સાથે મળીને કામ કરી રહ્યું છે તે સુનિશ્ચિત કરવા માટે કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સરકાર પાસે જરૂરી શસ્ત્રો છે. અધિકારીએ કહ્યું કે ભારત પહેલાથી જ રશિયાથી દૂર તેના સૈન્ય પ્લેટફોર્મમાં વિવિધતા લાવી રહ્યું છે, પરંતુ યુએસ તેને ઝડપથી મદદ કરવા માંગે છે.

અધિકારીએ જણાવ્યું હતું કે, મુખ્ય પડકાર એ છે કે ભારતને ફાઈટર જેટ, નૌકાદળના જહાજો અને યુદ્ધ ટેક જેવા મુખ્ય પ્લેટફોર્મ કેવી રીતે પ્રદાન કરવું. જો કે, તેમણે કહ્યું કે વહીવટીતંત્ર આમાંથી એક ક્ષેત્રમાં સફળતા શોધી રહ્યું છે. વાસ્તવમાં જે નાણાકીય પેકેજોની ચર્ચા કરવામાં આવી રહી છે તે આવી સિસ્ટમો બનાવવા માટે પૂરતા નથી કારણ કે તે અબજો અથવા તો અબજો ડોલરનો ખર્ચ કરી શકે છે. આવી સ્થિતિમાં, તે આ પેકેજ હેઠળ વધુ સસ્તું શસ્ત્રો પ્રદાન કરવામાં મદદ કરશે તેમજ તે ભારતને અમેરિકાના સમર્થનનો એક મહત્વપૂર્ણ સંકેત હશે.

નૌસેનાનું મિસાઈલ પરીક્ષણ : ૫૫ કિલોમીટર દૂર રહેલા દુશ્મનોનો ખાતમો થશે

ભુવનેશ્વર,

ભારતીય નૌસેના અને ડિફેન્સ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશએ બુધવારે ઓડિસાના બાલાસોર ટેસ્ટ રેન્જમાં એન્ટી શિપ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ છે. આ મિસાઈલના પરીક્ષણથી આર્મીની તાકાત વધશે. આ પરીક્ષણને સૈનિકો માટેના હથિયારો બનાવવા મામલે ભારતને આત્મ નિર્ભર બનાવવા તરફનું પગલુ માનવવામાં આવી રહ્યું છે. ભારતીય નૌસેનાએ મિસાઈલ પરીક્ષણ બાદ જણાવ્યું હતું કે, ૪૨-બી હેલીકોપ્ટરથી એન્ટી શિપ મિસાઈલનું સફળ પરીક્ષણ થયું છે.

આ મિસાઈલ ૧૦૦ કિલોના વજન સાથે ૫૫ કિલોમીટર દૂર દુશ્મનનો ખાતમો બોલાવી શકે છે. એપ્રિલ મહિનામાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ૧૦૧ મિલિટ્રી હથિયારોની એક યાદી જારી કરી હતી. આ યાદીમાં સામેલ થયેલા તમામ હથિયારોની આયાત પર પાંચ વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો હતો. આ યાદીમાં એન્ટી શિપ મિસાઈલો પણ સામેલ હતી.

દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલે પોતાના પદ પરથી રાજીનામુ આપ્યું

નવીદિલ્હી,

દિલ્હીના ઉપ-રાજ્યપાલ અનિલ બૈજલે પોતાના પદેથી રાજીનામુ આપી દીધુ છે. સૂત્રો પ્રમાણે તેમણે અંગત કારણોનો ઉલ્લેખ કરતા પોતાનું રાજીનામુ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને મોકલી આપ્યુ છે. નોંધનીય છે કે પૂર્વ આઈએએસ અધિકારી અનિલ બૈજલને ૩૧ ડિસેમ્બર ૨૦૧૬ના દિલ્હીના ઉપ-રાજ્યપાલ બનાવવામાં આવ્યા હતા. તેમણે નઝીબ જંગનું સ્થાન લીધુ હતું. અટલ બિહારી બાજયેપીના કાર્યકાલમાં બૈજલ મુખ્ય સચિવ રહી ચુક્યા છે. મહત્વનું છે કે ઉપરાજ્યપાલ પદે ૩૦ ડિસેમ્બર ૨૦૨૧ના અનિલ બૈજલનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો પરંતુ તેમને સેવા વિસ્તાર આપવામાં આવ્યો હતો.

અનુકૂળ વાતાવરણમાં જ વાર્તા થઈ શકે છે જે સરકાર પર નિર્ભર : નકસલી નેતા

રાંચી,

ગત ચાર દાયકાથી છત્તીસગઢમાં પોતાની પકકડ જમાવીને બેઠલા નકસલી સંગઠને ગત કેટલાક દિવસોથી શાંતિ વાર્તાને લઈ પ્રેસનોટ જારી કરી છે હકીકતમાં પ્રદેશના મુખ્યમંત્રી ભુપેશ બઘેલે રાજધાની રાયપુરમાં હથિયાર છોડવા પર નકસલીઓથી શાંતિ વાર્તા માટે તૈયાર હોવાની વાત કહી હતી. મુખ્યમંત્રીના આ નિવેદન પર નકસલીઓએ પણ પ્રેસનોટ જારી કરી અનુકૂળ વાતાવરણ અને પોતાની કેટલીક શરતો રાખી શાંતિ વાર્તા કરવા માટે તૈયારી બતાવી છે ત્યારબાદ આ પ્રેસ નોટ પર જવાબ આપતા મુખ્યમંત્રીએ કહ્યું કે ભારતના બંધારણ પર વિશ્વાસ પ્રકટ કરવા પર સરકાર કોઈ પણ મંચ પર વાતચીત કરવા માટે તૈયાર છે. મુખ્યમંત્રીના આ નિવેદન પર પ્રતિક્રિયા આપતા એકવાર ફરી નકસલી સંગઠનના નેતા અને દંડકારણ્ય સ્પેશલ જોનલ કમિટીના પ્રવકતા વિકલ્પે પ્રેસનોટ જારી કરી છે આ પ્રેસનોટમાં નકસલી પ્રવકતા વિકલ્પે પ્રદેશના મુખ્યમંત્રી અને ગૃહમંત્રીના જવાબ બાદ કહ્યું કે શાંતિ વાર્તાના મામલામાં અમારા નિવેદનમાં ઉઠાવવામાં આવેલ મુદ્દા પર મુખ્યમંત્રી ભુપેશ બઘેલ દ્વારા કંઈ ન કહેવાનું અને એજ રટન કે ભારતના બંધારણ પર વિશ્વાસ પ્રકટ કરવા પર કોઈ પણ મંચ પર વાતચીત માટે તૈયાર છે આ મુખ્યમંત્રીનું અડિયલ વલણ દર્શાવે છે. નકસલી નેતાએ કહ્યું કે અમે એ સ્પષ્ટ ઈચ્છીએ છીએ કે અનૂકૂળ વાતાવરણાં જ વાર્તા થઈ શકે છે જે સરકાર પર નિર્ભર છે છત્તીસગઢ સરકારના ગૃહમંત્રીએ બેશર્ત વાર્તાની વાત કહી છે પરંતુ હવાઈ હુમલા બોંબમારી ઘેરાવ દમન અને અથડામણમાં ફસાઈને નહીં બચી નિકળળવાની મુખ્યમંત્રી અને પોલીસ અધિકારીઓની ધમકીઓ વચ્ચે બેશર્ત વાર્તા કેવી રીતે સંભવ થઈ શકે છે. આ ઉપરાંત શાંતિ વાર્તાને લઈ નકસલી નેતા વિકલ્પે કહ્યું કે જો સરકાર વાતચીત માટે ઈમાનદાર છે તો આપણા માટે અનુકૂળ વાતાવરણ તૈયાર કરે અમે કોઈ નવી શરત રાખીશું નહીં ફકત શાંતિ વાર્તા માટે વાતાવરણ બનાવવાની હેઠળ જ પ્રતિબંધ હટાવવા પોલીસ કેમ્પને હટાવી ફોર્સને પાછા મોકલી અને વાર્તા કરવા જેલમાં બંધ નકસલી નેતાઓની મુકિત કરવા માટેની વાત જ સામે રાખી છે વાર્તા તો કોઈ પણ મંચ પર થઈ શકે છે અને જયારે વાર્તા થશે ત્યારે અસલી મુદ્દો અને સમસ્યાઓની બાબતમાં ચર્ચા થશે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. પી. ચૌહાણ

મુ. ધાંધલપુર, તા. શહેરા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પી. જી. પરમાર

મુ. બામરોલી, તા. શહેરા, જી. પંચમહાલ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

ધી બાંડીબાર સેવા સહકારી મંડળી-કેશરપુર શાખા

મુ. સડક ફળિયું-કેશરપુર, તા. લીમખેડા, જી. દાહોદ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

મહીસાગર જિલ્લા સેવાસદન બાળકોના કલરવથી ગુંજી ઉઠ્યું

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર લોકવિજ્ઞાન કેન્દ્ર ગોધરા અને મહીસાગર નેચર એન્ડ એડવેન્ચર ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે લુણાવાડાની વેદાંત સ્કૂલ ખાતે તા ૧૬ થી ૧૮ મે સુધી ત્રિદિવસીય સમર કેમ્પ યોજાયો હતો. આ કેમ્પ બાળકોને રસ પડે તે રીતે વૈજ્ઞાનિક પ્રયોગો, અંધશ્રધ્ધા નિવારણ, એડવેન્ચર, પ્રકૃતિ શિક્ષણ સાથે વિશિષ્ટ રમતો રમાડવામાં આવી હતી. વેકેશનના સમયગાળા દરમ્યાન વિદ્યાર્થીઓને મળતાં સમયમાં તેમનું કૌશલ્ય વિકશેતે માટે સાયન્સ વર્કશોપ રાખવામાં આવ્યો હતો. વર્કશોપમાં વિવિધ તજજ્ઞો દ્વારા ગણિત-વિજ્ઞાન ટેકનોલોજી-એન્જીનીયરીંગ અને સાહસિક પવૃતિ જેવા વિષયોને પ્રાયોગિક રીતે પોતાની જાતે મોડલ બનાવી વૈજ્ઞાનિક સિદ્ધાંતોને સમજે અને કૌશલ્યનો વિકાસ થાય તે હેતુસર પ્રાયોગિક નિર્દશન કરવામા આવ્યુ હતું.

આ કેમ્પના સમાપન દિવસે બાળકોએ મહીસાગર જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા કલેકટર ડો. મનીષકુમાર સાથે મુલાકાત કરી. બાળકોએ જિલ્લા કલેકટર સાથે સંવાદ સાધી વૃક્ષોના ઉછેર તેમજ નદી તળાવોમાં પ્રદૂષણ અંગે તેઓએ નજરે નિહાળેલી સમસ્યાઓ રજૂ કરી તેમજ તેઓના બાળમાનસમાં નીપજેલા સમસ્યા નિવારણ અંગેના ઉપાયો રજુ કર્યા. જિલ્લા કલેકટર એ ખૂબ ખુશી સાથે બાળકો દ્વારા રજુ થયેલ ગીત સહિત વિવિધ રજૂઆતો અને વાતોને સાંભળી હતી. કલેકટર ની ઓફિસ અને જિલ્લા સેવા સદનમાં બાળકોનો કલરવ ગુંજ્યો હતો. જિલ્લા કલેકટરના હસ્તે બાળકોને ચોકલેટ સાથે સર્ટિફિકેટ વિતરણ કરવામાં આવ્યા હતા.લોકવિજ્ઞાન કેન્દ્ર ગોધરાના ડો. સુજાઅતવલીના માર્ગદર્શનમાં આયોજિત આ સમર કેમ્પમાં પ્રોફેસર સત્યમ જોષી દ્વારા અંધશ્રધ્ધા નિવારણ પ્રયોગો વિવિધ રમતો, સાયન્ટીફિક હેન્ડ્ઝોન એક્ટિવીટી એક્સપર્ટ શાનુભાઈ દલવાડી, એડવેન્ચર અને ટ્રેકિંગ મયુર પ્રજાપતિ, જંગલ પરિભ્રમણ, પક્ષી દર્શન, મુકુંદ પંચાલ, પાવર માઈન્ડ ગેમ અબ્બાસભાઇ દ્વારા આઉટડોર એકટીવિટી કરવામાં આવી. કેમ્પમાં ૭૦થી વધુ બાળકોએ ભાગ લીધો હતો.

કડાણા CHC કેન્દ્રના તબીબને ફરજ પર બેદરકારી બદલ બરખાસ્ત કરાયા

દિવડાકોલોની, મહિસાગર જિલ્લાના કડાણા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ગત તા.૨૨ એપ્રિલના રોજ ૧૦૮ મારફતે એક દર્દીને મોડીરાતે સારવાર માટે લાવવામાં આવતા ફરજ પરના ડો.હરીશ ખાટા ગેરહાજર રહેતા હોવાની વિગત રાજયકક્ષાના આરોગ્ય મંત્રી ડો.નિમીષાબેન સુથારને તથા જિલ્લા વિકાસ અધિકારી મહિસાગરને થતાં તુરંત જ નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મુનપુરથી મેડિકલ ઓફિસરની વ્યવસ્થા કરી દર્દીને સારવાર પુરી પાડવામાં આવી હતી. અને ડો.ની ગેરહાજરી ગંભીર બાબત હોઈ બાંધ છોડ કરવામાં નહિ આવે તેવુ આરોગ્ય મંત્રીએ જણાવ્યુ હતુ. અને ફરજ પર ગેરહાજર તબીબને ફરજમાં બેદરકારી દાખવનાર સામે જરૂરી કાર્યવાહી કરવા માટે જિલ્લા વિકાસ અધિકારી મહિસાગર દ્વારા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને સુચના આપવામાં આવી હતી. આ અંગેના અહેવાલો અખબારી મીડિયામાં પ્રસિદ્ધ થતાં ત્યારબાદ વિગતવાર અહેવાલ તૈયાર કરી જિલ્લા વિકાસ અધિકારીને સુપરત કરવામાં આવ્યા બાદ કડાણા ડો.હરીશકુમાર ખાટા સામે કડક કાર્યવાહી કરવાનો અહેવાલ ગાંધીનગરની આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(આરોગ્ય વિભાગ)ને મોકલી આપવામાં આવતા કડાણા ખાતેના સામુહિક આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારી તરીકે નિમણુંક આપેલ ડો.હરીશકુમાર દલપતભાઈ ખાટાની કરારીય સેવા તાત્કાલિક અસરથી સમાપ્ત કરવાનો આદેશ જારી કરવામાં આવતા તાલુકામાં ફરજ પ્રત્યે બેદરકારી દાખવતા લોકોમાં ફફડાટ ફેલાયો હોવાનુ જોવા મળ્યુ હતુ. ફરજમાં ગેરહાજર અને બેદરકારી દાખવનાર લોકોને વહીવટી તંત્રએ સ્પષ્ટ સંદેશો આપ્યો છે કે ફરજમાં ગેરહાજર અને બેદરકારી ચલાવી લેવામાં નહિ આવે અને જો ફરજમાં ગેરહાજરી અને બેદરકારી દાખવવામાં આવશે તો તેઓની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

મહીસાગર લુણાવાડા તાલુકાના પટ્ટણ ગામમાં આરોગ્ય સબ સેન્ટર મંજૂર તો થયું પણ કામ અભરાઈએ

લુણાવાડા, લુણાવાડા તાલુકામાં આવેલા પટ્ટણ ગામમાં વર્ષો પહેલાં આરોગ્ય કેન્દ્ર પીએચસી સેન્ટર ચાલતું હતું અને સરકારી મોટું દવાખાનાનું મકાન હતું અને આજુબાજુના ગામ ઘણાં ગામોને આરોગ્યની સેવા મળતી હતી. પરંતુ કયા કારણોસર બંધ થયુ અને તે આરોગ્ય કેન્દ્રનું મકાન ક્યાં ગયું તેનું કારણ હજુસુધી ગામલોકો માટે કોયડો અકબંધ છે. અને અહીંથી ૨૦ થી ૨૫ કી. મી. દૂર આવેલા ઉદરા ગામે ખસેડવામાં આવ્યું.

પટ્ટણ ગામ આશરે ત્રણ હજારની વસ્તી ધરાવે છે. ગામમાં સગર્ભા બહેનો હોય છે. નાના બાળકો હોય તથા કેટલાક લાંબી બિમારી ધરાવતા પેશન્ટોને આટલે દુર રસી માટેતથાદવા ગોળી માટે કેવી રીતે જાય. લુણાવાડા પણ પાંચ કી.મી. દુર છે. મળતી માહિતી મુજબ ગામમાં આરોગ્ય સબ સેન્ટર મંજુર થયેલ છે. જેથી ગામ લોકોમાં આનંદની લાગણી છવાઈ હતી, પરંતુ આ વાતને વર્ષ જેટલો સમય જતો રહ્યો જે કયા કારણોસર હજુ સુધી કામકાજ શરૂ થતું નથી. તે ગામલોકોમાં ચર્ચા થઇ રહી છે. ગામમાં પંચાયતઘર છે. રાજીવ ગાંધી ભવન છે. તો મજુર થયેલ આરોગ્ય કેન્દ્ર કેમ નહિ? આવો ગામ લોકોને પ્રશ્ન છે. જાણવામાં આવ્યુ કે, તંત્ર દ્વારા સર્વે પણ થયું હતું. ગામલોકોનું કહેવું છે કે, આ કાર્યને લગતાસરકારી તંત્રના અધિકારીઓ દ્વારા તથા રાજકીય પ્રતિનિધિઓ આ મંજુર થયેલ આરોગ્ય સબ સેન્ટર કામકાજ ચાલુ કરાવે તો આ મોંઘવારીના કાળમાં આરોગ્યની સેવા મળતી થાય તો પ્રજાને રાહત થાય એવું લોકમુખે ચર્ચાઈ રહ્યુ છે.

લુણાવાડા મધવાસ દરવાજા પાસેની સોસાયટીમાં કોમન પ્લોટમાં ચાલતા બાંધકામને મનાઈ હુકમ

લુણાવાડા, મહિસાગર જિલ્લાના લુણાવાડા શહેરમાં ગેરકાયદેસર બાંધકામનો રાફડો ફાટી નીકળ્યો છે. ત્યારે નગરપાલિકા દ્વારા પાછલા કેટલાય વર્ષોથી અનેક લોકોને નોટિસ આપવામાં આવી છે પરંતુ આજદિન સુધી કોઈ કાર્યવાહી ન થતાં નગરના લોકોમાં નોટિસ આપી ખેલ પડતો હોવાની ચર્ચા વારંવાર જોવા મળતા લોકોમાં રોષ જોવા મળ્યો હતો ત્યારે લુણાવાડામાં મધવાસ દરવાજા પાસે ઉષ્માનિયાનગર સોસાયટીમાં આર-માર્ટ સામે પાલિકાનો આર.સી.સી.રોડ તોડી કોમન પ્લોટમાં ગેરકાયદેસર રીતે બાંધકામ શરૂ થયાની અનેક ફરિયાદો જોવા મળી છે ત્યારે પાલિકા દ્વારા આ બાંધકામના સર્વે નં-૧૧૫/૧૧૭નો પ્રાંત ઓફિસમાં કેસ ચાલતો હોવાથી આ મિલકતમાં પડેલ ફેરફાર નોંધ નં-૪૯૧૫ અને નં-૪૯૧૬નો સિટી સર્વે સુપ્રિટેન્ડરનો નિર્ણય રદ્દ કરવામાં આવેલ છે જેથી આ વિવાદિત જમીનને ડી.આઈ.એલ.આર.કચેરી દ્વારા માણી કરી હદ નિશાની નકકી કરવામાં ન આવે અને આખરી નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી પાલિકાના કોર્પોરેટર પ્રાચીબેન ત્રિવેદીના પતિ હેમાંગભાઈ માનહરલાલ ત્રિવેદી (રહે.આસ્થા બંગલો, લુણાવાડા)ને બાંધકામ કરવાનો મનાઈ હુકમ આપવામાં આવ્યો હતો.

રાજ્યના માહિતી ખાતા દ્વારા ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨ પ્રસિધ્ધ થઈ ચૂક્યો છે

લુણાવાડા, ગુજરાત રાજ્યના માહિતી ખાતા દ્વારા દર વર્ષે ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવે છે. તેજ રીતે ચાલુ વર્ષે પણ ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨ પ્રસિધ્ધા કરવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓને કારકિર્દી અંગેની જાણકારી અને માર્ગદર્શન મળી રહે તે આશયથી કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવે છે. આ અંકની વિશેષતા એ રહે છે કે, તેમાં અનુભવી અને વ્યવસાયિક તજજ્ઞો દ્વારા સંપૂર્ણ ચોકસાઈ રાખીને વિગતોનો રસથાળ ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

આ અંક વિદ્યાર્થીઓની કારકિર્દી ઘડતર માટે તેમજ યોગ્ય દિશા નક્કી કરવામાં દીવાદાંડી સમાન છે. આ ઉપરાંત તેમાં રહેલી વિગતો માર્ગદર્શન આપનારો અને કારકિર્દી ઘડતર માટેની મૂંઝવણો દૂર કરનારો સાબિત થશે.

આ મૂલ્યવાન કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨ની કિંમત રૂ.૨૦/- છે. જે જિલ્લા માહિતી કચેરી, ૫૪, શાંતિનગર સોસાયટી, મોડાસા રોડ, લુણાવાડા ખાતેથી મળી રહેશે.

હાલોલના શિવરાજપુર ગામેથી ૨૬ હજારના દારૂ સાથે એક ઈસમને ઝડપ્યો

હાલોલ, હાલોલ તાલુકાના શિવરાજપુર ગામે પોતાના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે પાવાગઢ પોલીસે રેઈડ કરી કવાટરીયા, હોલ, બીયર મળી ૨૨૧ નંગ બોટલો કિંમત ૨૬,૬૭૫/-રૂપીયાના જથ્થા સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના શિવરાજપુર ગામે આરોપી હસમુખભાઈ ઉર્ફે જાદુગર છત્રસિંહ બારીયા પોતાના કબ્જાના મકાનમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખીને ધંધો કરતા હોય તેવી બાતમીના આધારે પાવાગઢ પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન ભારતીય બનાવટના કવાટરીયા નંગ-૧૯૨, પ્લાસ્ટીક હોલ નંગ-૧૨, બીયર ટીન નંગ-૧૭ મળી ૨૬,૭૭૫/- રૂપીયાનો મુદ્દામાલ સાથે ઝડપાઈ ગયા હતા. દારૂનો જથ્થો વિશાલ મીહીરભાઈ પંડયા, અનિલ પોપટભાઈ રાઠવાના આપીને ગુના કરતા આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

લુણાવાડામાં બ્રાઈટ સ્કૂલમાં જિલ્લાની કિસાન કારોબારી મિટિંગ યોજાઈ

તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, મહિસાગર જિલ્લા કિસાન મોરચા ભાજપ દ્વારા જિલ્લા કારોબારી મિટિંગનું આયોજન બ્રાઈટ સ્કૂલ (કારવાં) લુણાવાડા ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં મહિસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દશરથસિંહ બારિયા, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ ડી.ડી.ચુડાસમા, પ્રભારી પીનલભાઈ પટેલ, પ્રભારી મનોજભાઈ પટેલ, મહિસાગર જિલ્લા ભાજપ મહામંત્રી રાવજીભાઈ પટેલ, મહિસાગર જિલ્લા કિસાન મોરચાના મહામંત્રી કાળુભાઈ માછી, મહિસાગર જિલ્લા કિસાન મોરચા મહામંત્રી જયેશભાઈ પટેલ તથા તાલુકા મંડળનાં પ્રમુખ, મહામંત્રી ઉપસ્થિત રહ્યા હતા.

દે.બારીયા મામલતદાર ઓફિસમાં રાહત દરના કાર્ડ ન બનાવી આપતા આમ જનતામાં છુપો આક્રોશ

દે.બારીયા, રાષ્ટ્રીય અન્ન સુરક્ષા (એન.એફ.એસ.એ.) અંતર્ગત ગયા વર્ષના ઓગસ્ટ-૨૦૨૧માં ફોર્મ ભરાયા હતા. જેના તમામ ડોકયુમેન્ટ ફોર્મ સાથે રજુ કરી દીધા હતા. હાલમાં લગભગ ૧૦ માસ થવા આવ્યા હોવા છતાં પણ રાષ્ટ્રીય અન્ન સુરક્ષાના રાહત દરના કાર્ડ ગરીબ કુટુંબોના બનવા પામ્યા નથી. તેના માટે કોણ જવાબદાર છે. તે યક્ષ પ્રશ્ન છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ગત વર્ષના ઓગસ્ટ-૨૦૨૧માં ગુજરાતની ગરીબોની બેલીઓની ગતિશીલ અને સંવેદનશીલ ભાજપ સરકારે જે કોઈ ગરીબી રેખા તળે આવતાં ગરીબ કુટુંબોને યુદ્ધના ધોરણે કાર્ડ બનાવી આપવા માટે ઘોષણાતો કરી પણ આ કાર્ય કરવા માટે મહેસુલી કર્મીઓએ ઉદાસીનતા અપનાવી રાખી છે. તે ક્યારે દુર થશે ? દે.બારીયા મામલતદાર ઓફિસના મુખ્ય ત્રણ મામલતદાર બદલાઈ ગયા હોવા છતાં કોઈપણ કમીટીની રચના થઈ નથી. ગરીબ લાભાર્થીઓ ૧૦ માસથી આંટાફેરા કરી થાકી ગયા શહેરી વિકાસમાં ફોર્મ મોકલવામાં આવ્યા. તેને પણ બે થી ત્રણ માસનો સમય થવા આવ્યો તેમ છતાં સરકારી બાબુઓને ગરીબોની પડી નથી. ભાજપ સરકાર તો ગરીબોને લાભ મળે તેવી ઘોષણા કરી દે છે પણ આ સરકારી બાબુઓ ગરીબોના લાભ આપવા વિલંબ કેમ કરે છે. તે સમજાતું નથી આની સામે જે ગ્રામ પંચાયતના રાહતના ફોર્મ બની જાય છે. તો શહેરી વિભાગના ફોર્મમાં આટલો મોટો દસ માસનો વિલંબ શામાટે તેનો કોણ જવાબ આપશે ? તેથી ઉચ્ચપદના અધિકારીઓ અને મહેસુલી રાજયકક્ષાના મંત્રી આ બાબતે સંગ્યાન લઈ રાહત દરના કાર્ડ ગરીબ કુટુંબોને મળી રહે તેનો આદેશ જાશી કરે તેવી માંગ ઉઠવા પામી છે.

જેસાવાડા તા.ગરબાડા રોહિત સમાજનું ગૌરવ

ગરબાડા, જેસાવાડા (રોહિત વાસ), તા.ગરબાડા, જી.દાહોદ ના રહીશ કુમારી તુલસીબેન હસમુખભાઈ મગનભાઈ સોલંકી એ અમદાવાદની જ્ઞાન જયોત પબ્લિક સ્કૂલમાં વિજ્ઞાન પ્રવાહ સાથે ૭૦૦ માંથી ૪૯૭ માર્ક સાથે શાળામા ૭૪.૭૫ % સાથે ત્રીજો નંબર મેળવી પરિવાર અને રોહિત સમાજનુ ગૌરવ વધારેલ છે. દીકરીને MBBSનો અભ્યાસ કરી ડૉક્ટર બનવાની મહત્વકાંક્ષા છે. સમાજ પંચ અગ્રણીઓ દીકરીની ઉજ્જ્વલ કારકિર્દી માટે અભિનંદન પાઠવે છે.

પાવાગઢ વડાતળાવ ચાર રસ્તા પાસે સ્કોર્પીયો લઈ જવાતો ૨૭ હજારનો દારૂ ઝડપ્યો

હાલોલ, હાલોલ તાલુકાના વડા તળાવ ચાર રસ્તા પાસે પોલીસના ચેકીંગ દરમિયાન સ્કોર્પીયો ગાડી માંથી ૨૭,૯૦૦/-રૂપીયાના ઈંગ્લીશ દારૂ ઝડપાઈ જવા પામ્યો છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે પાવાગઢ પોલીસ વડા તળાવ ચાર રસ્તા પાસે ચેકીંગમાં હતી. દરમિયાન પસાર થતી સ્કોર્પીયો ગાડી નંબર જીજે.૦૬.ઈકયુ.૭૭૧૮ ચાલકે પોલીસને દેખીને વાહન છોડી અંધારાનો લાભ લઈ નાશી છુટીયો હતો. પોલીસે ગાડીનું ચેકીંગ કરતા ઈંગ્લીશ દારૂના હોલ નંગ-૬૩ કિંમત ૨૭,૯૦૯/- તથા ગાડી મળી ૩,૨૭,૯૦૯/- રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડી આ બાબતે પાવાગઢ પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાઈ.

દે.બારીયા ખેતીવાડી અધિકારીની કચેરીના બે રોજમદાર કર્મયોગીઓને ૧૭/૧૦/૮૮ના પરિપત્રના લાભો આપવા આદેશ

દાહોદ, પંચમહાલ જિલ્લામાં જે તે સમયે ચાલતી જિલ્લા ખેતીવાડી અધિકારી ગોધરામાં રોજમદાર તરીકે ફરજ બજાવતા ભારૂભાઈ પારસીંગભાઈ પટેલ તારીખ ૧/૯/૮૨ તથા લાડુબેન માનાભાઈ જેવો તારીખ ૧/૧/૮૮ થી ગોધરા કચેરીમાં રોજમદાર તરીકેની ફરજમાં હાજર થયા હતા. ફરજના દરમિયાન બંને કામદારોએ ૨૦ વર્ષ કરતા વધુ સમયની નોકરી હોવા છતાં તેઓને સરકારશ્રીના તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્રના બાબતે લાભો થી વંચિત રાખવામાં આવેલ જે બાબતે કામદાર નામદાર મજૂર અદાલત ગોધરા સમક્ષ પરિપત્રના લાભો મેળવવા ગુજરાત લેબર ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ મારફતે નામદાર મજુર અદાલત ગોધરા સમક્ષ વિવાદ ઉપસ્થિત કરેલ તે અરસા દરમિયાન જિલ્લાઓનું વિભાજન થતાં દાહોદ જિલ્લાને જુદો પાડવામાં આવેલ જેને લઈ દાહોદ ખાતેની મજુર અદાલતની સ્થાપના કરવામાં આવતા મજુર અદાલત ગોધરા ખાતે ચાલતા વિવાદ મજુર દાહોદને તબદીલ કરવામાં આવેલ જે કેસ દાહોદ ખાતેની મજૂર અદાલતમાં ચાલી જતા કામદારો તરફી પરિપત્રના લાભો મેળવવા વિવાદને અનુરૂપ જરૂરી દસ્તાવેજો રજૂ કરવામાં આવે છે. જે દસ્તાવેજો આધારિત ફેડરેશનના પ્રમુખ એ.એસ.ભોઈ કોર્ટ સમક્ષ દલીલો કરવામાં આવે જે તે સમયના ન્યાયાધીશ એચ.કે.આચાર્ય દ્વારા બંને કામદારોના વિવાદમાં ડિમાન્ડ અરજી નામંજૂર કરતા તે હુકમથી નારાજ થઈ કામદારોએ નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એસ.સી.એ નંબર ૨૦૨૮૮/૨૦૧૯ એડવોકેટ દિપક આર. દવે મારફતે અરજી દાખલ કરેલ જે અરજી ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં માનનીય ન્યાયમૂર્તિ બીરેન વૈષ્ણવ દ્વારા કેસમાં પડેલા પુરાવા આધારિત તારીખ ૨૯/૪/૨૨ ના રોજ ઓરલ ઓર્ડર જાહેર કરી ભારૂભાઈને તેમની નોકરીના દરમિયાન પાંચ વર્ષથી નોકરી પૂર્ણ થયેથી સરકારના પરિપત્રો લાભ આપવા તથા નિવૃત્તિના પણ તમામ લાભો આપવા તો આદેશ કરેલ છે અને લાડુબેનને તેમના દસ્તાવેજોની જરૂરી ચકાસણી કરી તેઓને પણ લાભો આપવાનું જાહેર કરેલ છે. જે લાભો કુલ ૧૨ અઠવાડિયામાં આપવાની પણ જાણકારી કરતા કામદાર આલમમાં તથા ખેતીવાડી ખાતાના કામદારોમાં આનંદ પ્રેરાયો છે.

વહેલા તે પહેલા ના ધોરણે જિલ્લા માહિતી કચેરી, ગોધરા- પંચમહાલ ખાતે થી કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨ મેળવી લેવા સારૂં

ગોધરા, ધોરણ-૧૦ અને ૧૨ પછી શું? કયા ક્ષેત્રમાં કારકિર્દી ઘડવી તે અંગે વિદ્યાર્થીઓ આ સમયમાં ભારે મૂંઝવણ અનુભવતા હોય છે. વિદ્યાર્થીઓ પોતાની રસ, રૂચિ અને શૈક્ષણિક લાયકાત અનુસાર કારકિર્દી પસંદ કરી શકે તે માટે માહિતી ખાતા દ્વારા પ્રતિવર્ષ ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રસિધ્ધ કરવામાં આવે છે. કારકિર્દીના અવનવા ક્ષેત્રો ઉપલબ્ધ છે. પરંપરાગત ક્ષેત્રોના બદલે યુવાનો હવે નવા કારકિર્દીના વિકલ્પોની પસંદગી કરી શકશે અને વિદ્યાર્થીમિત્રો અને વાલીઓને અત્યંત ઉપયોગી માર્ગદર્શન પુરૂ પાડે તે માટે માહિતી ખાતા દ્વારા ઉજ્જ્વળ કારકિર્દી માટે ગુજરાત રોજગાર સમાચાર કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨ પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. જે જિલ્લા માહિતી કચેરી, માહિતી ભવન, કલેકટર કચેરી કમ્પાઉન્ડ,ગોધરા- પંચમહાલ ખાતે થી કચેરી સમય દરમ્યાન રૂ.૨૦/- થી વેચાણ કરવામાં આવે છે. કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૨ ની નકલો મર્યાદિત સંખ્યામાં હોય વહેલા તે પહેલા ના ધોરણે મેળવી લેવા જાણ સારૂં.

ગોધરા રેલ્વે સુપરવાઈઝર દ્વારા ખલાસીને જાતિ અપમાનિત કરતા એટ્રોસિટીની ફરિયાદ નોંધાઈ

ગોધરા, ગોધરા શહેરમાં રેલ્વેના સુપરવાઈઝર દ્વારા રેલ્વેના ખલાસીને જાતિ વિષયક અપમાનિત કરી પટ્ટા વડે માર મારતા પોલીસ મથકે સુપરવાઈઝર વિરુદ્ધ એટ્રોસિટી એકટ મુજબ ગુનો દાખલ કરાયો હતો. શહેરમાં રેલ્વેમાં ખલાસી તરીકે સરકારી નોકરી કરતા કલ્પેશભાઈ સતીષભાઈ હડિયલે બી-ડીવીઝન પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતુ કે, રેલ્વેના સુપરવાઈઝર અમરીશ કુમાર પાસે રજાની માંગણી કરવા માટે ઓફિસમાં ગયા હતા ત્યારે સુપરવાઈઝરે તુ મારી પાસે આવ્યો જ કેમ તારી મારી સાથે વાત કરવાનો કોઈ ઓકાત નથી તેમ કહી બિભત્સ શબ્દો કહી જાહેરમાં જાતિ વિષયક અપમાનિત કરી પટ્ટા વડે માર માર્યો હતો. આ બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી કાર્યવાહી હાથ ધરી હતી.

દે.બારીઆના નાનીઝરી ગામે બાઈક સ્લીપ ખાઈ જતાં ચાલકનું મોત

દાહોદ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના નાનીઝરી ગામે એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી અચાનક મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં મોટરસાઈકલના ચાલકને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યાંનું જાણવા મળે છે.

ગત તા.૧૬મી મેના રોજ કરણભાઈ વાલસીંગભાઈ ભગોરા (રહે. સંતરામપુર રોડ, મોરવા (હ), જિ.પંચમહાલ) પોતાના કબજાની મોટરસાઈકલ લઈદેવગઢ બારીઆ તાલુકાના નાનીઝરી ગામેથી પસાર થઈ રહ્યાં હતાં. મોટરસાઈકલની વધુ પડતી ઝડપના કારણે મોટરસાઈકલ સ્લીપ ખાઈ જતાં કરણભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે તેઓને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું.

આ સંબંધે સંતરામપુર રોડ, મોરવા (હ), જિ.પંચમહાલ ખાતે રહેતાં વાલસીંગભાઈ ભોદુભાઈ ભગોરાએ પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ઝાલોદના પાવડી ગામે કંકોત્રીમાં નામ ના છાપવા મામલે તકરારમાં પિતા-પુત્રને મારમારતાં પિતાનું સારવાર દરમ્યાન મોત

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના પાવડી ગામે લગ્નની કંકોત્રીમાં નામ છાપવા મામલે થયેલ ઝઘડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં મહિલા સહિત ત્રણ જણાએ પિતા-પુત્રને લાકડી વડે, ગડદાપાટ્ટુનો માર મારી તેમજ પેટના ભાગે લાતો મારતાં ગંભીર ઈજાગ્રસ્ત પિતાને પ્રથમ દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા. ત્યાર વધુ સારવાર માટે અમદાવાદની સીવીલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતાં જ્યાં સારવાર દરમ્યાન પિતાનું મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. ગત તા.૧૧મી મેના રોજ પાવડી ગામે ટપાલી ફળિયામાં રહેતાં મહેન્દ્રભાઈ રમસુભાઈ ભાભોર પોતાના મોબાઈલ ફોનથી તેમના કુટુંબી કાકા સમસુભાઈ કેહજીભાઈ ભાભોર સાથે વાતચીત કરતાં હતાં અને કહેતા હતાં કે, અમરસીંગના છોકરા અક્ષયના લગ્નની કંકોત્રી છપાલે જેમાં મારૂ, મારા પિતા તથા મારાભાઈનું નામ કેમ લખેલ છે ? તેમ કહેતાં કહેતા વાતો કરતાં હતા. તે સમયે જે છોકરાના લગ્ન થવાના હતા. તે અક્ષયભાઈ અમરસીંગભાઈ ભાભોર, તેનો ભાઈ રૂચીતભાઈ અમરસીંગભાઈ ભાભોર અને સંગીતાબેન અમરસીંગભાઈ ભાભોરનાઓ સાથે મહેન્દ્રભાઈની બોલાચાલી થવા લાગી હતી અને ઝઘડાએ ઉગ્રરૂપ ધારણ કરતાં અક્ષય, રૂચીતભાઈ અને સંગીતાબેન એમ ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ દોડી આવી મહેન્દ્રભાઈને લાપટો ઝાપટો મારી તેમજ લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારવા લાગ્યાં હતા. તે સમયે મહેન્દરભાઈના પિતા રમસુભાઈ જોતીયાભાઈ ભાભોર દોડી આવી વચ્ચે છોડવવા પડતાં તેઓને પણ તેઓને પણ લાકડી વડે, ગડદાપાટ્ટુનો માર મારી તેમજ પેટના ભાગે લાતો મારી ગંભીર ઈજાઓ પહોંચાડતાં ગંભીર ઈજાગ્રસ્ત પિતા-પુત્રને પ્રથમ દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યાં હતા.

આપની આજ.....

મેષ : ઘર તથા વ્યવસાયમાં યોગ્ય તાલમેલ જળવાયેલો રહેશે. ધ્યાન રાખો કે ઘરની કોઈ મહત્ત્વપૂર્ણ વાત સાર્વજનિક થઈ શકે છે. આજે સામાજિક ગતિવિધિઓ પ્રત્યે તમારું નિસ્વાર્થ યોગદાન રહેશે.

વૃષભ : પરણિત વ્યક્તિઓને સાસરિયા પક્ષ સાથે કોઈ પ્રકારનો મતભેદ થઈ શકે છે. વધારે મસાલેદાર ભોજન ટાળો. તમારા કામને નવું સ્વરૂપ આપવા માટે રચનાત્મક ગતિવિધિઓમાં પણ રસ રહેશે.

મિથુન : વ્યવસાયિક કાર્યોમાં ચાલી રહેલી મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. છેલ્લા થોડા સમયથી ચાલી રહેલાં તણાવથી આજે રાહત મળશે.

કર્ક : સમજદારી અને સાવધાનીથી કામ લેવાનો સમય છે. સ્વાસ્થ્ય સારું રહેશે. ઘરનું વાતાવરણ સુખદ રહેશે. રોકાણ કરવા માટે સમય ખૂબ જ અનુકૂળ છે. કાર્યક્ષેત્રમાં અટવાયેલાં કામ હવે ગતિ પકડશે.

સિંહ : આર્થિક રીતે ઉત્તમ દિવસ છે. તમારા કાર્યોને નવું સ્વરૂપ આપવા માટે વધારે રચનાત્મક રીત અપનાવો. પતિ-પત્ની વચ્ચે ઘરની વ્યવસ્થાને લઈને ગેરસમજ ઊભી થઈ શકે છે. કોઈ નજીકના સંબંધીની પર્સનલ લાઈફમાં થોડી મુશ્કેલીઓ આવવાના કારણે ચિંતા રહેશે.

કન્યા : કોઈ જૂના મિત્રને મળવાથી જૂની યાદો તાજા થશે. તમારી કાર્યક્ષમતા અને આત્મબળ ઉપર વિશ્વાસ રાખીને આગળ વધો. સમય અનુકૂળ છે. કાર્યસ્

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

દે.બારીઆ હાઈસ્કૂલના આરબ મૌહંમદ નિશારના આ તે કેવા શૈક્ષણિક સંસ્કારો

દે.બારીઆ,

દેવગઢ બારીઆની એક પ્રતિષ્ઠિત શાળામાં શિક્ષક તરીકેની ફરજોમાં વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથે સામાજીક સંસ્કારોના મૂલ્યોનું સિંચન કરતા આ શિક્ષકે પોતાની પત્ની અને અભ્યાસ કરતી બે માસુમ પૂત્રીઓને શારીરિક અને માનસિક અત્યાચાર ગુજારીને પહેરેલા કપડે ઘર બહાર કાઢી મૂકવાના આ અત્યાચારી બનાવના પગલે બે પુત્રીઓના શાળા છોડયાના પ્રમાણપત્ર અને રિઝલ્ટ વિગેરે સમેત ઓરીજનલ દસ્તાવેજી પુરાવાઓ આપવાની માસૂમ પુત્રીઓની વારંવારની કાકલૂદીઓ સામે શિક્ષક પિતાની દે.બારિયામાં ફરકયા છો, તો જાન થી મારી નાખવાની ધમકીઓ ના ડરથી છેલ્લા બે વર્ષથી શિક્ષણથી વંચિત રહેલ આ બંન્ને માસૂમ દીકરીઓએ દાહોદ ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખને લેખિતમાં આપેલ હૃદયદ્રાવક રજૂઆતમાં પોતાના શિક્ષક પિતા સામે શિક્ષાત્મક પગલાં ભરવા માટે રજૂઆત કરતાં સમગ્ર દાહોદ જિલ્લામાં શૈક્ષણિક આલમ તથા વિદ્યાર્થી જગતમાં આ બે પુત્રીઓની વેદનાઓ સાંભળ્યા બાદ હાહાકાર પ્રસરી જવા પામ્યો છે.!!

દે.બારીઆ રાજવી પરિવાર સંચાલિત એસ.આર.હાઈસ્કૂલમાં ફિઝિકલ ડાયરેક્ટર તરીકે શિક્ષકની ફરજ બજાવનાર આરબ મૌહમદ નિશારે પોતાની પગે અપંગ થઈ ગયેલ પત્ની અને બે માસૂમ પુત્રીઓને ઘરેલુ ઝગડાઓમાં શારીરિક અને માનસિક ભયંકર અત્યાચાર સાથે અંદાજે ત્રણ વર્ષો પૂર્વે પહેલા પહેરેલા કપડે ઘરમાંથી ધક્કા મારીને બહાર કાઢી મૂકતા નિઃસહાય બનેલ માતા પોતાની દીકરીઓ સાથે વડોદરા વાસણા રોડ વિસ્તારમાં રહેતા માતા પિતાના ઘરે આશરો લીધો હતો. કીલ્લોલ કરવાના એ માસૂમિયત બાળપણના દિવસોમાં શિક્ષક પિતાના આક્રોશના ભોગમાં નિઃસહાય સહાય વેદનાઓનો શિકાર બનેલા આ બે માસૂમ બહેનો કાયનાત અને સીદરાહ શાળા માં અભ્યાસ કરવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર અને રીઝલ્ટ વિગેરેના ઓરિજિનલ દસ્તાવેજો લેવા માટે જ્યારે પણ શાળામાં જઈને માંગણી કરી ત્યારે શિક્ષક પિતા આરબ મૌહંમદ નિશારની થાય એ તોડી લેજોની જાનથી મારી નાખવાની સતત ધમકીઓમાં છેલ્લા એક વર્ષથી શિક્ષણથી વંચિત રહેનાર આ બંને બહેનો આજરોજ દાહોદ ખાતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મયુર પારેખ સમક્ષની વેદના વ્યક્ત કરીને શિક્ષક પિતા આરબ મૌહંમદ નિશાર સામે શિક્ષાત્મક કાર્યવાહીની માંગ કરી હતી !

- દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ શિક્ષક પિતા સામે શિક્ષાત્મક કાર્યવાહીની વેદનાઓ વ્યક્ત કરતી માસૂમ બહેનોની રજુઆત થી શૈક્ષણિક આલમ અને સમાજ બંન્ને સ્તબ્ધ .!!

- એક શિક્ષક પિતાના મોહભંગમાં પુત્રીઓને શિક્ષણથી વંચિત રાખનારા શર્મશાર કિસ્સામાં તંત્ર લાલઘૂમ બનશે ખરૂં.?!!

આ માસૂમ બહેનોએ જીવન સંઘર્ષની લડાઈમાં માતાનું છત્ર પણ ગુમાવ્યું !

શૈક્ષણીક જગત અને સમાજ વ્યવસ્થામાં પણ ભારે ચકચાર ઉભી કરનાર શિક્ષક પિતા આરબ મોહંમદ નિશારના મોહોભંગ અત્યાચારનો ભોગ બનેલા માસુમ બહેનો શિક્ષણથી વંચિત રહી ગઈ હોવાની આ દુઃખદ માનસિક વેદનાઓ વચ્ચે અંદાજે ૨૫ દિવસો પહેલા પુત્રીઓના ન્યાય માટે ઝઝૂમતી વ્હાલસોયી અને એકમાત્ર આધાર સ્તંભ એવી માતાના નાઝનીનનું પણ મૃત્યુ થતાં આ બંને દીકરીઓ વ્રજઘાત જેવા આઘાતમાં સરકી જવા પામી છે. પરંતુ દીકરીઓને જન્મ આપ્યા બાદ નિરાધાર બનાવનારા શિક્ષક પિતા આરબ મૌહંમદ નિશારના નફ્ફટ અટ્ટહાસ્યનો ભોગ બનેલ આ બંને માસૂમ દીકરીઓએ દાહોદ જિલ્લા શિક્ષણાધિકારી સમક્ષ વેદનાઓ સભર રજૂઆત કરીયા બાદ પિતાના કરતુંકો સામે બળાપો વ્યક્ત કર્યો હતો !

જિલ્લા સેવા સદન દાહોદ ખાતે કલેક્ટરની અધ્યક્ષતામાં પ્રીમોન્સુન પ્લાનીંગ અંગેની બેઠક યોજાઇ

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

જિલ્લા સેવા સદન દાહોદ ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં પ્રીમોન્સુન પ્લાનીગ અંગેની બેઠક યોજાઇ હતી. બેઠકમાં આગામી ચોમાસામાં સંભવિત પૂર–વાવાઝોડા–ભારે વરસાદની સ્થિતિનો સામનો કરવા માટે આગોતરૂં આયોજન સહિતની કામગીરી વિશે વિગતે ચર્ચા કરવામાં આવી હતી.

કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીએ આગામી ચોમાસામાં કોઇ પણ પ્રકારની વિપરીત સ્થિતિનો સામનો કરવા તંત્ર સાબદું રહે તેમજ બચાવ અને રાહત કામગીરી માટેનો એક્શન પ્લાન તૈયાર કરવા માટે જરૂરી સૂચનો કર્યા હતા. તેમજ જિલ્લાના વિવિધ વિભાગોને આ અંગેની જરૂરી કામગીરીની જવાબદારી સોંપાઇ હતી.

પ્રીમોન્સુન પ્લાનીંગ અંતર્ગત જિલ્લા તેમજ તાલુકા કક્ષાએ વિવિધ ટીમોની રચના કરવામાં આવી છે. તેમજ તાલુકા કક્ષાએ પણ ૨૪ કલાક કાર્યરત રહે તેવો કંટ્રોલ રૂમ શરૂ કરાશે. પોલીસની ટીમને ખાસ બચાવ અને રાહત કામગીરી માટે તાલીમબદ્ધ કરાશે. તેમજ એનડીઆરએફની ટીમ પણ જિલ્લામાં બચાવ કામગીરી માટે સતત તૈયાર રહેશે.

બેઠકમાં પુર–વાવાઝોડા વગેરે જેવી સ્થિતિમાં લોકોને અગાઉથી જાણ થઇ જાય તેમજ મુશ્કેલીમાં મુકાયેલા લોકોને તુરત જ સહાય મળી રહે તે માટે આયોજન કરાયું હતું. રોડ–રસ્તા મરામત તેમજ રસ્તા પર પડેલા વૃક્ષો હટાવવા, વીજપુરવઠો, તળગામોને પુરની અગાઉથી જાણ કરવી, વરસાદની સ્થિતિમાં ભયજનક બનતા બ્રીજ જેવી બાબતો અંગે વિગતે ચર્ચા કરી, કલેક્ટરએ સૌ અધિકારીઓએ સંકલનમાં રહીને કામગીરી કરવા જણાવ્યું હતું.

બેઠકમાં લીમખેડા પ્રાંત અધિકારી રાજ સુથાર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક સી.બી. બલાત, જિલ્લા આયોજન અધિકારી ગેલાત, ડીવાયએસપી પરેશ સોલંકી સહિતના અધિકારીઓ તેમજ એનડીઆરએફ ટીમના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

ધાનપુરમાં પાડાનું તાત્કાલિક ઓપરેશન કરી જીવ બચાવતી સરકારની પશુચિકિત્સક ટીમ

તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

ધાનપુર,

રાજ્ય સરકાર દ્વારા દસ ગામ દીઠ એક ફરતા પશુદવાખાનાની યોજના ચાલે છે. જેમાં દાહોદ જિલ્લાના ધાનપુરના નાકટી ગામમાં પશુઓ માટેની એમ્બ્યુલન્સ ફરતું પશુ દવાખાનું મુકવામાં આવ્યું છે. જ્યાંથી આસપાસના દસેક ગામોને આ પશુ દવાખાનાનો લાભ મળે છે. ગત તા. ૧૭ મેના રોજ મોઢવા ગામના પશુપાલક લક્ષ્મણભાઇ પટેલે પોતાના બે મહિનાના પાડાને પેશાબમાં તકલીફ હોવા બાબતની જાણ પશુ દવાખાનાને કરતા તુરત પશુ દવાખાનાની ટીમ અહીં પહોંચી હતી. પશુચિકિત્સક ડો. વિષ્ણુરાય દ્વારા પાડાની તપાસ કરતા પેશાબ નળીમાં મોટી ગાઠ હોવાનું નિદાન થયું હતું. પાડાની જાન બચાવવા માટે તાત્કાલિક ઓપરેશન કરવાની જરૂર હતી. આ ઓપરેશન ઘણું મુશ્કેલ હતું. પશુદવાખાનાના પશુ ચિકિત્સક દ્વારા અને સાથેના ચિકિત્સક સ્ટાફ દ્વારા સફળતાપૂર્વક પાડાનું ઓપરેશન કરાયું હતું. તાત્કાલિક ઓપરેશન દ્વારા ગંભીર સ્થિતિમાંથી બહાર આવી જતા પાડાનો જીવ બચાવી શકાયો હતો. લક્ષ્મણભાઈએ પશુ ચિકિત્સક ટીમને તાત્કાલિક સફળતા પૂર્વકની સારવાર માટે ખૂબ ધન્યવાદ પાઠવ્યા હતા.

દાહોદ શહેરમાં એકજ રાત્રીમાં બે જુદા જુદા સ્થળોએથી એકસાથે બે મોટરસાઈકલોની ઉઠાંતરી થતાં શહેરમાં ચકચાર મચી જવા પામી

દાહોદ,

મોટરસાઈકલ ચોરીનો પ્રથમ બનાવ દાહોદ શહેરના સુજાઈબાદ આગળ બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૪મી મેના રોજ દાહોદ તાલુકાના નાની સારસી ગામે પરમાર ફળિયામાં રહેતાં પ્રતાપભાઈ બકુભાઈ કિશોરી પોતાના કબજાની મોટરસાઈકલ લઈ દાહોદ શહેરના સુજાઈબાગ ખાતે કોઈ કામ અર્થે આવ્યાં હતાં અને પોતાની મોટરસાઈકલ તે વિસ્તારમાં લોક મારી પાર્ક કરી ગયાં હતા. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી પ્રતાપભાઈની મોટરસાઈકલનું લોક તોડી મોટરસાઈકલની ઉઠાંતરી કરી લઈ નાસી જતાં આ સંબંધે પ્રતાપભાઈ બકુભાઈ કિશોરીએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટરસાઈકલ ચોરીનો બીજો બનાવ દાહોદ શહેરમાં આવેલ ઝાયડસ હોસ્પિટલના પાર્કિંગ ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૪મી મેના રોજ દાહોદ શહેરના સૈફી મહોલ્લામાં રહેતાં હાતિમ હસનજીભાઈ સંજેલીવાલાએ પોતાની મોટરસાઈકલ ઝાયડસ હોસ્પિટલના પાર્કિંગમાં લોક મારી પાર્ક કરી હતી. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતોના કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે હાતિમ હસનજીભાઈ સંજેલીવાલાએ દાહોદ શહેર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગરબાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારના બે કલાકમાં દૂધની થેલીની હોમ ડિલીવરી આપી ૩૫ થી ૪૦ યુવાનો રોજના ૫૦૦ થી ૭૦૦ રૂપિયાની કમાણી કરી

તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડામાં કોરોના કાળની આપદાને અવસરમાં ફેરવી નાખવાના સંખ્યાબંધ દાખલા સમાજમાં જોવા મળે છે. ત્યારે આ સમય દરમિયાન પરગામોમાં પેટિયું રળવા ગયેલા અનેક લોકો ખાસ કરીને યુવાનો માદરે વતન પરત આવી વિવિધ જગ્યાઓએ પોતાનું કિસ્મત અજમાવતા જોવા મળી રહ્યા છે. તે પૈકી કોઈ ખેતીમાં પોતાનું કિસ્મત અજમાવી રહ્યું છે, તો કોઈ શાકભાજીમાં તો કોઇ સારી નોકરીમાં કોઈ દિવસભર ગ્રામ્ય વિસ્તારોમાં જઈને ભંગાર એકઠું કરી સારી એવી કમાણી કરી રહ્યા છે. જ્યારે તાલુકાના ૩૫ થી ૪૦ યુવાનો એવા છે કે, જેઓ વહેલી સવારના બે કલાક ગ્રામ્ય વિસ્તારોમાં બાઈક અથવા તો સાયકલ પર દૂધની થેલીની હોમ ડિલીવરી આપીને માત્ર બે જ કલાકમાં ૫૦૦ થી ૭૦૦ રૂપિયાની કમાણી કરી રહ્યા છે.

કોરોના મહામારી બાદ અનેક લોકોના ધંધા–રોજગાર પર તેની અસર થઇ હોવાનું જોવા મળી રહ્યું છે. જ્યારે અનેક લોકોએ આ મહામારીમાં આવકના નવા નવા વિવિધ સ્ત્રોતો નુસખાઓ અજમાવી સારી એવી આવક મેળવી રહ્યા છે. આવોજ ઓછા સમયમાં સારી આવક મેળવવાનો કિસ્સો ગરબાડામાં જોવા મળ્યો હતો. તાલુકા મથક ગરબાડામાં ૮ થી ૯ જેટલા દૂધ સેન્ટ રો આવેલા છે. લોકડાઉન બાદ અમુક યુવાનોએ આ સેન્ટરો ઉપરથી ૨૦૦ અને ૫૦૦ગ્રામની દૂધની થેલીઓ ખરીદીને ગ્રામ્ય વિસ્તારમાં જઈને વેચવાનું ચાલુ કર્યું અને સારી આવક મેળવવા લાગ્યા જે જોઈને પંથકના અન્ય૩૫ થી ૪૦ જેટલા યુવાનો આજે વિવિધ સેન્ટરો પર વહેલી સવારના દૂધ ખરીદીને બાઈક અથવા તો સાયકલ પર ગ્રામ્ય વિસ્તારોમાં જઈને ઘરે–ઘરે આ દૂધની થેલીની હોમ ડિલીવરી આપી અને ગણતરીના બે કલાકમાં ૫૦૦ થી ૭૦૦રૂપિયાની આવક મેળવી રહ્યા છે. જ્યારે બાકીનો આખો દિવસ તેઓ ઘરકામ ખેતીકામ અથવા તો અન્ય વ્યવસાયમાં કામ કરીને પસાર કરી રહ્યા છે. આમ, વહેલી સવારના બે કલાક દૂધનો વ્યવસાય કરીને આ યુવાનો વગર મૂડીએ મહિને ૧૨ થી ૧૫ હજાર રૂપિયાની કમાણી કરી રહ્યા છે.

સીંગવડ ગામે પીપળીયા ગામે લગ્ન પ્રસંગે આંગણામાં નાચવા બાબતે ઝગડામાં ધિંગાણું મચાવ્યું

દાહોદ,

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના પીપળીયા ગામે લગ્ન પ્રસંગ દરમ્યાન એકના ઘરના આંગણામાં નાચગાન કરતાં ત્રણ જેટલા ઈસમોએ એક મહિલા સહિત ચાર જણાને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાંવવા પામી છે.

ગત તા.૧૫મી મેના રોજ પીપળીયા ગામે લગ્ન પ્રસંગ હોઈ જેમાં અભેસીંગભાઈ કડવાભાઈ પટેલ (રહે. છાપરવડ, હોળી ફળિયા, તા.સીંગવડ, જિ.દાહોદ), લક્ષ્મણભાઈ, વજેસીંગભાઈ અને રેખાબેન વિગેરે નાચતા હતાં. આ દરમ્યાન ત્યાં ભારતભાઈ સવાભાઈ, મનહરભાઈ સવાભાઈ અને જીજ્ઞેશભાઈ મનહરભાઈ ત્રણેય જાતે પટેલ (ત્રણેય રહે. છાપરવડ, હોળી ફળિયા, તા.સીંગવડ, જિ.દાહોદ) નાઓ ત્યાં આવી બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, અમોને તમે કેમ આશિષકુમારના લગ્નમાં કંકોતરી આપેલ નથી અને કેમ તમો અમારા ઘરના આગળ નાચો કુદો છો, તેમ કહી એકદમ ઉશ્કેરાઈ જઈ હાથમાં છુટ્ટા પથ્થરો, લાકડી વિગેરે લઈ આવી અભેસીંગભાઈ તથા તેમની સાથેના મહિલા સહિત ચાર જણાને માર મારી શરીરે, હાથે પગે અને માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અભેસીંગભાઈ કડવાભાઈ પટેલે રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સંજેલી સામૂહિક જાહેર શૌચાલયમાં દેશી દારૂની પોટલીઓ અને ગંદકીથી રેલમછેલ

તસ્વીર : ફરહાન પટેલ, સંજેલી

સંજેલી,

સંજેલી જાહેર સામૂહિક શૌચાલયમાં દેશી દારૂની પોટલીઓ અને પાણીના અભાવ અને સ્વચ્છતાના અભાવને ખદબદતી ગંદકીથી લોકોને હાલાકી તંત્રની નિષ્કાળજી અને બેદરકારી થી પ્રજામાં રોષ. સંજેલી ગ્રામ પંચાયત દ્વારા સંતરામપુર રોડ પર બનાવેલ સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ જાહેર સામૂહિક શૌચાલયમાં દારૂની ખાલી પોટલીઓ સાથે ગંદકી નાગજી સાથે પાણીના અભાવને કારણે ગંદકીથી ખદબદી રહ્યું છે. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ગ્રામ પંચાયતોમાં લાખો રૂપિયાની ગ્રાન્ટો ફાળવવામાં આવે છે. તેમ છતાં પણ સંજેલી એકમાત્ર જાહેર શૌચાલય હોવા છતા પણ શૌચાલયમાં પાણીની અને અભાવની સાથે સાથે સ્વચ્છતાનો અભાવ જોવા મળી રહ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાંથી ધંધા રોજગાર માટે આવતા ભાઈ–બહેનોને ખુલ્લામાં શૌચક્રિયા કરવા મજબુર બન્યા છે. તંત્ર દ્વારા વહેલીતકે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવે અને દારૂનો અડ્ડો બનાવી બેઠેલા અસામાજિક તત્ત્વોને ઝડપી પાડવામાં આવે તેવી જાગૃત લોકોની માંગ ઉઠવા પામી છે.

સંજેલી ખાતે આવેલ જાહેર શૌચાલયમાં શૌચક્રિયા માટે ગયો હતો. તે વખતે શૌચાલયમાં ગંદકી જ ગંદકી અને દારૂની પોટલીઓ થી ખદબદતું આ શૌચાલય પ્રજાના મજાક સમાન છે. તંત્રની નિષ્કાળજીથી બેદરકારીને કારણે ભારે દુર્ગંધ મારતું જોવા મળ્યું હતું.
: વસૈયા મેહુલ ચંદ્રસિંહ :

વાસીયા થી સંજેલી ગામે માલસામાનની ખરીદી માટે ગયો હતો. તે દરમ્યાન જાહેર શૌચાલયોમાં શૌચક્રિયા કરવા જતાં ગંદકીથી ખદબદી માથાફાડ દુર્ગંધથી બચવા ખુલ્લામાં શૌચક્રિયા કરવા મજબુર બન્યો હતાં. વહેલી તકે શૌચાલય સ્વચ્છ રાખવામાં આવે તેમજ પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ છે.
: કતીજા વિપુલ નારસીંગ, વાંસીયા :

દે.બારીઆ તાલુકામાં વીસીઈ હડતાળ પર જતા ખેડુતોને હાલાકી

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાની ૭૦ જેટલી ગ્રામ પંચાયતમાં વીસીઈ તરીકે માણસો મુકવામાં આવેલ છે જે તમામ વીસીઈ ને ગ્રામ પંચાયતમાં કામગીરી કરવાનુ હોય છે. દે.બારીઆ તાલુકામાં પીપલોદ, અંતેલા સહિત બીજી મોટી ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર વગર લોકોની કામગીરી નહિ થતાં ધકકા ખાવાનો વારો આવ્યો છે. હમણા ગત તા.૧૧મી મેના રોજથી ગ્રામ પંચાયતોમાં મામુલી કમિશનરથી અરજદારો માટે કામ કરતા વિલેજ કોમ્પ્યુટર સાહસિકોએ પોતાના હકકો માટે સરકાર સામે પોતાની માંગણીઓ માટે રણશીંગુ ફુંકયુ છે.

દાહોદ જિલ્લા સહિત સમગ્ર રાજયમાં અચોકકસ મુદ્દતની હડતાળ ઉપર ઉતરેલા કર્મીઓની પાંચ મુખ્ય માંગણી કિમીશન પ્રથા બંધ કરીને પગાર ધોરણ લાગુ કરવામાં આવે. ૨ કે ૩ વર્ષથી વગર પગારે કામ કરતા આવા કર્મચારીઓ ઓર્ચિંતા હડતાળ ઉપર જતા ગ્રામ પંચાયતોમાં અરજદારોને દાખલા તેમજ પ્રમાણપત્રો મેળવવાની કામગીરી ઠપ્પ થઈ ચુકી છે. ગ્રામ પંચાયતના રાજયભરના કોમ્પ્યુટર ઓપરેટરો પોતાની માંગણીઓ માટે છેક ગાંધીનગર પહોંચ્યા છે.

દે.બારીઆ તાલુકાના પણ તમામ વીસીઈને લડતનુ રણશિંગુ ફુંકતા ગ્રામ પંચાયતોમાં આવતા અરજદારો હાલમાં મુશ્કેલીમાં મુકાયા છે. જોબ સિકયુરિટી આપવા સહિત વિમા કવચ આપો જેવી અનેક માંગણીઓ લઈ વીસીઈ હડતાળ ઉપર જતા ગામડાના ખેડુત ગ્રામ પંચાયત કચેરી ઉપર આંટાફેરા મારી રહ્યા છે. સરપંચોની શરમે મામુલી કમિશનથી કામ કરતા પંચાયતી કોમ્પ્યુટર સાહસિકો હવે કામ કરવા તૈયાર નથી.

દે.બારિયા તાલુકાના કેલકુવા ગામે પુત્રએ નજીવી બાબતે પિતાને મોતને ઘાટ ઉતારતા પંથકમાં ચકચાર

દે.બારીયા,

દેવગઢ બારીયા તાલુકાના કેળકુવા ગામે પિતાએ પુત્રને કામ ધંધો કરવા બાબતે ઠપકો આપતા પુત્રે પોતાના ખર્ચે કરાવેલ હેડ પંપ ઉપરથી પાણી નહીં ભરવાનું તેમ કહી હેન્ડ પંપ ખોલવા જતાં પિતાએ હેન્ડ પંપ ના ખોલવા દેવા બાબતે પુત્રને રોકતા કૂતરાએ ગળુ દબાવી પિતાને મોતને ઘાટ ઉતાર્યો.

પ્રાપ્ત માહિતી મુજબ દેવગઢ બારીયા તાલુકાના સાગટાળા પોલીસ મથક વિસ્તારના કેળકુવા ગામે હોળી ફળિયા મા રહેતાં રાઠવા નાનીયાભાઇ રડતિયાભાઇ ઉ.વ.૬૫ જે ગત તા ૧૭ ના રોજ સાંજના સાડા છ વાગ્યાના અરસામાં ઘરે હતો. તે વખતે તેનો પુત્ર શૈલેષ રાઠવા ગામ માંથી આવેલો અને આ નાનિયા રાઠવાએ તેના પુત્ર શૈલેષને કહેલ કે તારા બબ્બે વાર લગ્ન કરાવેલા અને બંને જગ્યાએથી છુટાછેડા થયેલ અને હજુ સુધી કોઈ કામ ધંધો કરતો નથી. તેમ કહેતા શૈલેષ રોષે ભરાયેલ અને તેનાં પિતાને ગાળો બોલવા લાગેલ અને તે પછી કહેવા લાગેલ કે તમે મારા હેન્ડ પંપ ઉપરથી પાણી કેમ ભરો છો, તેમ કહી તેને હેન્ડ પંપ ખોલવા લાગતા બને પિતા પુત્ર વચ્ચે બોલા ચાલી થતા તે વખતે રાઠવા નાનીયાભાઈ નો અન્ય પુત્ર મણીલાલ તેમજ તેની પત્નિ રમતીબેન તેની પુત્રી મનકીબેન પણ ઘરે હાજર હતા. તે વખતે આ પિતા પુત્ર વચ્ચે હેન્ડ પંપ ખોલવા બાબતે વધુ બોલાચાલી થતાં અને આ નાનાભાઈ રાખવા એ તેના પુત્ર શૈલેષને હેન્ડ પંપ ખોલવાને લઈ રોકવા જતાં શૈલેષ તેના પિતા નાનીયા રાઠવાને પકડી માર મારવા લાગેલ તે વખતે ઘરે હાજર તેનો અન્ય પુત્ર તેમજ પુત્રી અને પત્ની એમ બધા જ આ પિતા–પુત્રના ઝઘડામાં વચ્ચે પડી બંનેને છોડાવવા લાગેલ ત્યારે શૈલેષે તેના પિતા નાનીયા રાઠવાને કહેલ કે આજે તો હું તને નહી છોડુ તેમ કહી ગળાના ભાગે પકડી લઈ તેનું ગળું દબાવી દીધું હતું અને તે પછી પિતા નાનીયાભાઈ જમીન ઉપર બે ભાન અવસ્થામાં પડી જતાં શૈલેષ તેના ભાઈ તેમજ તેની માતાને પણ મારવા દોડેલ ત્યારે નાનીયાભાઈ રાઠવાની પુત્રી તેમજ તેની પત્નિ એ ઉઠાવવાનો પ્રયત્ન કરતા તે કઈ પણ બોલેલ નહીં અને તે વખતે નાનાભાઇના અન્ય પુત્ર મણીલાલ એ બૂમાબૂમ કરતા આસપાસના લોકો દોડી આવેલ અને શૈલેષ તે વખતે ત્યાંથી ભાગી ગયેલ ત્યારે આ નાનીયા રાઠવા ને જોતા તે મરણ ગયેલ હોવાનું જણાઇ આવેલ જેથી તેનાં પુત્ર મણીલાલે તેનો અન્ય ભાઈ ગોપાલ જે હાલોલ રહેતો હોય જેને આ બનાવની જાણ કરતા તે ઘરે દોડી આવેલ અને બંને ભાઈઓ તેમજ અન્ય ગ્રામજનો સાગટાળા પોલીસ મથકે આવી મણીલાલ નાનીયા રાઠવા એ તેના પિતાની હત્યા કરનાર તેના ભાઈ શૈલેષ રાઠવા વિરોધ ફરિયાદ આપતા પોલીસે શૈલેષ રાઠવા વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ત્યારે પોલીસે નાનીયા રાઠવાની લાશને પીએમ અર્થે દેવગઢ બારીઆ સરકારી હોસ્પિટલમાં મોકલી આપી હત્યારો શૈલેષ રાઠવા ગામ છોડીને નાસી જાય તે પહેલાં જ પોલીસે તેને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી વધુ તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.226

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ જીલ્લા રેવન્યુ વિભાગ કસ્ટોડીયન મિલ્કતો બચાવશે ખરી...?



ગોધરા,

ગોધરા ધારાની નોંધ નં.૧૨૬૪૩ રે.સ.નં.૧૦૭૫ વિગેરેની નોંધ તા.૨૫/૧/૮૧ સરકાશ્રીના કાયદા પ્રમાણે થયેલી છે. જે ગોધરાના નિશાર અહેમદ સત્તાર મેંદા મોટાપાયે જમીનો, મકાનો લે-વેચનો ધંધો તથા નામી- અનામી અન્ય ઈસમો સાથે પાટનરશીપમાં ભાગીદારી કરી અને સરકારશ્રી જોગવાઈ વિરૂદ્ધ ખોટી રીતે જીલ્લા પંચમહાલના મહેસુલી વિભાગના કર્મચારીઓન અધિકારીઓ સાથે મળી જઈ ખોટી રીતે જીલ્લા કલેકટરના આદેશોનું અનાદાર કરી નંબર અરજ/વશી/૪૮૨/૨૦૦૮- તા. ૩/૭/૨૦૦૮ વિષય જણાવેલ પરીપત્રની જોગવાઈઓ વિરૂદ્ધ તથા પરિપત્ર ક્રમાંક અરજ/૧૦૨૦૦૩/૨૬૩૨/૪ તા.૧૮/૩/૨૦૦૬ સરકારશ્રીની જોગવાઈઓનું ઉલ્લંઘન કરી કરાવી પંચમહાલ જીલ્લા મહેસુલ રાજય વિભાગના રાજય સરકારના સેવકો આજદિન સુધી સરકારી ગેરીરીતિઓની તપાસ કરી કરાવવામાં આવતી નથી. જે યોગ્ય કાર્યવાહી થવા તેમજ આ સર્વે નં.૧૦૭૫-૭૩ એ.એ.મિલ્કતોમાં નોંધ નંબર ૬૩૭૬૪ તા. ૧/૩/૨૦૧૦ મે.કલેકટર પંચમહાલ ગોધરા બિનખેતી હુકમ નંબર સી.બી./એન./એ/પંચમહાલ/૧૦૭૫/૯૯૮૧૦૬/૨૦૧૦/તા.૨૫/૧/૨૦૧૦ થી આદેશો અનુસારની નોંધ ડી.કે.પટેલ સર્કલ ઓફિસર ગોધરાધારા જે તે સમયે નોંધ નં.૧૨૬૪૩- ૭૩ એ.એ. વાળી બાબતે ઉપલા અધિકારીનું ધ્યાન દોરેલ નથી. હાલ ડી.કે.પટેલ મામલતદાર નિવૃત અધિકારી છે. જેથી તેઓનું માસીક પેન્શન સરકારી ગેરરીતિઓ તથા સક્ષમ અધિક્રારીનું ધ્યાન નહીં દોરી ભ્રષ્ટાચાર કરી કરાવેલ છે. યોગ્ય કાર્યવાહી સરકારીશ્રીના હિતમાં થાય તેવી અરજદારની માંગ છે.

નોંધ નં.૧૨૬૪૩- ૭૩ એ.એ.વાળી જમીન એન.એ. કરતા પહેલા જીલ્લા કલેકટરના કારકુન કુરૂપાલ દરજી જે તે સમયના ના.મામલતદાર તરીકે ફરજ બજાવતા મીતેષ પારેખ તેમજ ચી.ટુ.કલેકટર નિરીલ મોદી દ્વારા નોંધ નં.૧૨૬૪૩-૭૩એ.એ.વાળી જમીનોની રેકર્ડ રુલર મુજબ કોઇ ચકાસણી કરી કરાવામાં આવેલ નથી. જેથી રે.સ.નં.૧૦૭૫ની શરત ભંગ કાર્યવાહી જીલ્લા પંચમહાલ કલેકટર દ્વારા આજદિન સુધી કાર્યવાહી કરેલ નથી. હાલ મિતેષ પારેખ હાલ નિવૃત મામલતદાર તરીકે ગુજરાત રાજય સરકાર માંથી થયેલા છે. જેથી તેઓનું પણ (માસીક) પેન્શન બંધ કરી આ સરકારી ગેરરીતિઓ કરેલ બાબત થાય અને હાલ તાત્કાલીક નિરીલ મોદી સામે ખાતાકીય તપાસ સરકારશ્રી પરિપત્રો આદેશો કાયદાનું ઉલ્લંઘન કરનાર સામે યોગ્ય શિક્ષાત્મક પગલાં લેવાશે કે કેમ.. ?

મોજે ગોધરાધારાના રે.સ.નં.૮૧૧/૧/૨ વાળી જમીન કસ્ટોડીયન ઓફ ઈવકયુ પ્રોપર્ટીના દસ્તાવેજો નિશાર અ.સતાર મેંદા રફીક ઈસ્હાક આલમ દ્વારા ખુબ મોટાપાયે સંબંધો ધરાવા કર્મચારીઓ અધિકારીઓ સાથે મળી સરકારી જમીનમાં દસ્તાવેજો બનાવી એકબીજાના નામે કરેલ બિનખેડુતોના પુરાવાના અભાવે તાત્કાલીક એચ.એચ.પંજાબી દ્વારા નોંધ મંજુર કરેલ છે. જે સર્કલ ઓફિસ દ્વારા સર્ટીફાઈડની નોંધો ૮૧૧/૧/૨ વાળીમાં પાડવામાં આવેલ છે.

મોજે ગોધરા કસ્બાના રે.સ.નં.૩૦૧/૧ પૈકી ૧૭ રે.સ.નં.૮૧૧/૧/૨ તથા ભામૈયાની રે.સ.નં.૪૫/૧ વાળી આ તમામ જમીનો કસ્ટોડીયન ઓફ ઈવકયુ પ્રોપર્ટીની નોંધો રેકર્ડ ઓફ રાઈટ તથા કાયદા વિરૂદ્ધ પંચમહાલ મહેસુલી વિભાગ ગોધરા જીલ્લા કલેકટરના કર્મચારીઓ અધિકારીઓ દ્વારા સાચી ગાળે વળગી તેથી આધાર પુરાવાવાળી હકીકતો હોવા છતાં સરકારી સેવકો એ ખૂબ જ મોટા પ્રમાણમાં ગેરરીતિઓ કરેલ છે. જે જીલ્લા કલેકટરશ્રીનું ધ્યાન રાજય સરકારના આદેશો પરિપત્રો અંગે ધ્યાન કેન્દ્રી કરેલ હોવા છતાં કોઈ કરતા કોઈ સરકારી રાહે જીલ્લા કલેકટરના આદેશો અનુસાર "અર્ધ સરકારી પત્રો" પાઠવામાં આવતા નથી. મંત્રી રેફન્સો તથા તકેદારી સેલમાં ખૂબ જ મોટા પ્રમાણમાં સંબંધીત કર્મચારીઓ અધિક્રારીઓને બચાવવા વિલંબ કરી કરાવી નોંધ નહી મુકી આગળ કાર્યવાહી ગેરરીતિઓ કરેલની ફાઈલો દબાવી મુકવામાં આવેલ છે. જે જીલ્લા કલેકટર વિભાગ તરફથી આ બાબતે યોગ્ય કાર્યવાહી કરશે કે કરાવશે તેવી રજુઆતો ગુજરાત રાજય સરકાર તરફ કરવામાં આવેલ છે.

મોજે ભામૈયાના રે.સ.નં.૪૫/૧ ગોધરાધારા રે.સ.નં.૮૧૧/૧/૨ તથા ૩૦૧/૧ પૈકી ૧૭ વાળી જમીનો એક જ માલિકીની આવેલી છે. અને તે તમામ મિલ્કતોમાં કસ્ટોડીયન ઓફ ઈવકયુ પ્રોપર્ટીની નોંધો રેકર્ડ રુલ્સ મુજબ થયેલી છે. જે પણ રીવ્યુ લેવા માટે લાંબાગાળે અરજદાર દ્વારા અરજી કરેલની વિગતો મામલતદાર શહેર એમ.એમ.ભામોર તથા ગ્રામ્ય વિભાગના મામલતદાર કુંભાણી દ્વારા સરકારનો પગાર લેવા છતાં સરકારી સેવકો એ વિશ્વાસઘાત કરેલ છે. જે સરકારની મિલ્કતોમાં ગેરરીતિઓ કરેલ બદલની રાજય સરકાર ખાતાકીય તપાસના પગલા હાલના ફરજ પર કર્મચારીઓ, અધિકારીઓ સામે મહેસુલ મંત્રી તથા કાયદામંત્રી રાજેન્દ્ર ત્રિવેદીની તથા તકેદારી આયોગ સેલ આવા કર્મચારીઓ અધિકારીઓ પર કડકમાં કડક નજર નહી રાખે તો ખૂબ જ મોટા પ્રમાણે લાંચો લઈ તમામ સરકાર હિત ધરાવતી મિલ્કતો એક પછી એક ભુમાફિયા તથા અસામાજીક તત્વોને પધરાવી સરકારને નુકશાન વેઠવાનો વારો આવે તેમ છે અને કેટલા ભુમાફિયા તથા કેટલાક પંચમહાલ જીલ્લાના બોગસ ખેડુતો બની બેઠેલાઓની મુળ ખેડુત પુરાવાના અભાવે પંચમહાલ જીલ્લા ગોધરા તાલુકા ગોધરામાં એકપછી એક બિનખેડુતોના કિસ્સાઓ બહાર આવે તેમ છે. જેથી મહેસુલ મંત્રી અને કાયદા મંત્રી ભારપૂર્વક કોન્ફરન્સ સાથે રેકર્ડ રુલ્સ મુજબ ચકાસણી તમામ નોંધોની થાય અને સરકારી ગેરરીતિઓ કે બોગસ દસ્તાવેજો કરી કરાનાર સામે ફોજદારી રાહે પગલા ભરાવશે કે કેમ તે જીલ્લા કલેકટર પંચમહાલ કરશે કે કેમ..?

પંચમહાલ જીલ્લા કલેકટરના મુખ્ય વહીવટદાર ચી.ટુ.કલેકટર કે.સી.વસાવા તથા નોડલ અધિકારી મુખ્ય એમ.ડી.ચુડાસમા અધિક કલેકટર અને મેજીસ્ટેટ આવા ઈસમો સામે યોગ્ય કાર્યવાહી કરશે કે કરાવશે કે કેમ આ પ્રકરણ ઉભું કરશે કે દબાવી દેશે અને તમામ કર્મચારીઓ અધિકારી જીલ્લા કલેકટર આઈ.એ.એસ.સુજલ મયાત્રા સમક્ષ નોંધો સમિત પહોંચાડશે કે અને તે અંગે જીલ્લા કલેકટર પોતાના અધિકાર પરત્વે યોગ્ય જરૂરી સરકારશ્રીના હિતમાં તકેદારી હોય તથા લાગતાં વળગતા ડીપાર્ટમેન્ટને સાચો ખરો રીપોર્ટ કરશે તે જોવાનું રહ્યું.

ગોધરા તાલુકાના કાંકકણપુર ખાતે ચોકડી પરની સોસાયટીમાં પાણી માટે વલખાં મારતા સ્થાનિકો

કાંકણપુર,

ગોધરા તાલુકાના કાંકકણપુર ખાતે ચોકડી પરના રહેણાંક વિસ્તારમાં નર્મદા કેનાલ માંથી આવતું પાણી હાલ છેલ્લા કેટલાક સમયથી બંધ થઈ જતાં આકરા ગરમીના વાતાવરણ વચ્ચે ખૂબ મુશ્કેલી પડી રહી છે. કાંકણપુર ચોકડી વિસ્તારની સોસાયટીમાં આપવામાં આવતું પાણી ત્રણ દિવસથી સંપની પાઇપ તૂટી હોવા છતાં હજુ સુધી રીપેરિંગ કરવામાં આવી નથી. ઉનાળાની આ કાળઝાળ ગરમીમાં લોકો પાણી માટે વલખા મારવાં પડે છે. વારંવાર રજુઆત છતાં કોઈ પરિણામ શૂન્ય રહ્યું છે. આ વિભાગમાં લોકોમાં એવી ચર્ચા ચાલી હતી કે, અમુક ઓળખીતા લોકો એમના વિસ્તારમાં પાણી લઈ જવાના લીધે આ વિસ્તાર પાણીથી વંચિત રહ્યો છે. જયારે આનું સંચાલન કરનાર તંત્ર ક્યારે જાગશે એ બાબતે લોકો રાહ જોઈ રહ્યા છે. લોકોને ભારે હાલાકી ભોગવી પડી રહી છે. સદર સંપ માંથી કાંકણપુર, રામપુરા, શિવપુરી પાણી આપવામાં આવે છે. પંચાયત અલગ હોવા છતાં એક જ સંપ માંથી પાણી આપવાના કારણે પણ આ પ્રશ્ન ઉભો થયો હોય એમ જણાય છે. અગાઉ રાબેતા મુજબ પાણી ચાલતું હતું પણ નવા ગામના કારણે આ પ્રશ્ન ઉપસ્થિત થયેલ હોય એવું પ્રાથમિક તબક્કે લાગી રહ્યું છે. આ બાબતે તાત્કલિક પગલાં લઈ આ વિસ્તારને પાણી નહીં પુરૂ પાડવામાં આવે તો સોસાયટીના સ્થાનિક લોકો સરકારમાં સીધી રજૂઆત કરશે એવું ચર્ચા ચાલી રહેલ છે.

કાલોલના શામળદેવી ગામે પિયરમાં આવેલ પરણિતાએ અપરણિત પ્રેમી સાથે ભાગી કેનાલમાં ઝંપલાવી મોતને વ્હાલું કર્યું

તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ તાલુકાના શામળદેવી ગામમાં રહેતા દિલીપભાઈ સબુરભાઇ પરમાર (ઉ.વ-૫૦) ધંધો ખેતી અને એક પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરતા હતા. દિલીપભાઈના દાંપત્યજીવનમાં એક છોકરી અને બે પુત્ર એમ ત્રણ બાળકો હતા. છોકરીના લગ્ન પછી દિલીપભાઈ એ પોતાના મોટા છોકરાના લગ્ન ૧૪ મેના રોજ રાખ્યા હતા. લગ્ન પ્રસંગમાં તેમના સામાજિક રીતરિવાજ પ્રમાણે સગા વ્હાલાઓને આમંત્રણ આપ્યું હતું. સાથે સાથે ગામમાં રહેતા રાજેન્દ્રભાઈ છત્રસિંહ પરમાર ની ત્રણ મહિના પહેલા બેઢીયા પરણાવેલ પુત્રી સ્નેહલને પણ કંકોત્રી લખી હતી. બેઢીયા પરણાવેલ સ્નેહલ પણ ગામના લગ્ન પ્રસંગે આવી હતી. દિલીપભાઈના મોટા પુત્ર ના લગ્ન પૂર્ણ થતાં જ તેમનો નાનો પુત્ર યોગેશ તેમજ રાજેન્દ્રભાઈની બેઢીયા પરણાવેલી પુત્રી બન્ને વચ્ચે પ્રેમ સંબંધ હોવાના કારણે બંને પ્રેમી પંખીડાઓ ૧૫ મે ના રોજ ઘર છોડી નાસી ગયા હતા. જોકે, આ અંગે બંન્નેના પરિવાર વચ્ચે બોલાચાલી થતા છોકરાના પિતાએ છોકરીના પિતા સહિત ચાર સામે કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પરંતુ ૧૮ મે ના રોજ શક્તિપુરા નર્મદા કેનાલના ગેટ પર કપલની લાશ હોવાનું કાલોલ પોલીસને જાણ થતાં કાલોલ પોલીસ સ્ટાફના માણસો તાત્કાલિક કેનાલ પર પહોંચી ગયા હતાં. પોલીસે સૌ પ્રથમ તરવૈયાને બોલાવી બંને બોડીને બહાર કાઢી હતી. મહિલા અને યુવાનની ઓળખ છતી થતાં કાલોલ તાલુકાના શામળદેવી ગામના દિલીપભાઈનો પુત્ર યોગેશ તેમજ તેની સાથે નાશી ગયેલી પોતાના જ ગામની તેમજ બેઢીયા ગામની પરણીતા સ્નેહલ હોવાનું જાણવા મળ્યું હતું. જોકે, બે ત્રણ દિવસ પહેલા જ કાલોલ પોલીસ સ્ટેશન ખાતે મૃતક યુવાનના પિતાએ ફરિયાદ નોંધાવી હતી. આમ, બંને પ્રેમી પંખીડાઓની શકિતપુરા કેનાલમાંથી મૃતદેહ મળી આવતા શામળદેવી ગામના તથા તેમના સગા સ્નેહીઓ નર્મદા કેનાલે દોરી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, સમાજના રીત રિવાજો તેમજ માન મર્યાદાને લઈ વિખૂટા પડેલા બંને પ્રેમી પંખીડાઓએ સાથે જીવશું સાથે મરશું ના જાણે કોલ પુરા કર્યા હોય તેમ બંને કેનાલમાં ઝંપલાવતા ૧૮ મેના રોજ બપોરે કાલોલ તાલુકાના શકિતપુરા કેનાલમાંથી બંને પ્રેમી પંખીડાઓના મૃતદેહ મળી આવતા કાલોલ તાલુકાના શામળદેવી ગામના લોકોની લાગણી દુભાઈ હતી.

હાલોલ જયશ્રી કંપનીમાં કામ કરતા કામદારોને હેરાન કરતા આપ પાર્ટીએ જીલ્લા કલેકટરને આવેદન આપ્યું

હાલોલ,

હાલોલ જીઆઈડીસીમાં વર્ષોથી (જયશ્રી) (આદીત્ય બીરલા ગ્રુપ) કંપનીમાં કામ કરતા લોકોને ઘરો ઝુંપડા તોડી વસવાટ કરતા ગરીબોમાં અનેક રીતે હેરાન-પરેશાન છે. કામદારોને અકસ્માત થતાં કામ સારૂં નથી કરતા કંપનીમાં બળજબરી કરી કંપની છોડાવાના પ્રયત્નો કરે છે અને કામદારો ના ઘરના કે ન ઘાટના થાય એવી પરિસ્થિતિ કંપની દ્વારા કરવામાં આવી રહી છે. બાઉન્સરો કંપનીના રેસીડેન્સી સ્થળ પર મુકીને અનેક રીતે કામદારોને હેરાન કરવામાં આવ્યા છે. આ કામદારોની મુલાકાત આમ આદમી પાર્ટી ના સ્થાનીક કાર્યકર ગુજરાત પ્રદેશ યુવા સંગઠન મંત્રી ભરત રાઠવા તેમજ એ.એમ દીવાન એડવોકેટ પંચમહાલ જિલ્લા મહિલા સંગઠન મંત્રી ઉષાબેન પાંડે દીનેશ યાદવ લીધી હતી અને ભરત રાઠવા દ્વારા કામદારોને આશ્વાસન આપવામાં આવ્યું હતું કે, આ બાબતે જીલ્લા કલેકટરને રજુઆત કરવામાં આવશે.

શહેરાના ડોકવા ગામે તળાવની માટી બિનખેતી જમીનમાં પુરણ થતું હોવાની તાલુકા પંચાયત વિરોધ પક્ષ એ મામલતદારને રજુઆત

શહેરા,

શહેરા તાલુકાના ડોકવા ગામના તળાવમાંથી માટીનું ખોદકામ કરી બિનખેતીની જમીનમાં પુરણ કરવામાં આવતું હોવાનો આક્ષેપ કરતી લેખિત રજુઆત તાલુકાપંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી દ્વારા મામલતદારને કરાઈ.

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ડોકવા ગામે આવેલ તળાવમાંથી માટીનું ખોદકામ કરી તે માટી બિનખેતીની જમીનમાં નાખવામાં આવતી હોવાનો આક્ષેપ કરતી લેખિત રજુઆત શહેરા તાલુકાપંચાયતના વિરોધ પક્ષના નેતા જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી ઉર્ફે જે.બી. દ્વારા શહેરા મામલતદાર પૂર્વેશ ડામોરને કરવામાં આવી હતી. જે રજુઆતમાં જણાવ્યું છેકે શહેરા-ગોધરા મુખ્ય હાઈવેને અડીને આવેલ ડોકવા ગામની સર્વે નંબર ૮૨/૧૨ પૈકી ૧ અને ૨ની બિનખેતીની જમીન શહેરાના ધારાસભ્યના ભાઈ અને કોન્ટ્રાક્ટર દ્વારા ખરીદીને તેનો બિનખેતી હેતુફેર કરી પેટ્રોલપંપ કે હોટલ જેવા વેપાર માટે પાકુ બાંધકામ કરવામાં આવતું હોવાનો આક્ષેપ લેખિત રજુઆતમાં કરવામાં આવ્યો છે. તો સુજલામ સુફલામ યોજના અંતર્ગત ડોકવા ગામના તળાવમાંથી માટીનું ખોદકામ કરીને પુરણ કામ કર્યું હોવાનો પણ રજુઆતમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. જેને લઈને આ બાબતે વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી દ્વારા યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરાઈ છે.

ગોધરામાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની જેલની સજા અને રૂા. ૬,૦૫,૦૦૦/-નો દંડનો હુકમ કરતી અદાલત

ગોધરા,

ગોધરા કોર્ટ દ્વારા ચેક રિટર્નના કેસોના ગુનેગારોમાં દાખલો બેસે તેવો મહત્વનો હુક્મ કરવામાં આવેલ છે. આરોપીને ચેક રિટર્ન થવાના કેસમાં ગુનેગાર આરોપીને એક વર્ષની જેલની સજા અને રૂપિયા ૬,૦૫,૦૦૦/- નો દંડનો હુક્મ ભરવા અને ફરિયાદીને રૂપિયા ૬,૦૫,૦૦૦/- વળતર પણ ચૂકવવાનો હુક્મ કરેલ છે.

વિગતવાર મળેલી માહિતી મુજબ ફરિયાદી રણવીરસિંહ જીતેન્દ્રસિંહ ચૌહાણ રહેવાસી શ્રદય સોસાયટી, ગોધરાના પાસેથી આરોપી મોક્ષાબેન નંદકિશોર ગુપ્તા રહેવાસી. હરિઓમ નગર, ગોધરા નાઓએ મકાન બનાવવા જરૂર હોવાથી હાથ ઉછીની રકમ પેટે રૂપિયા ૬,૦૫,૦૦૦/- લીધા હતા. તે રકમની ફરિયાદીએ ઉઘરાણી કરતા તે રકમની પરત ચુકવણી પેટે આરોપીએ ફરિયાદીને પોતાની બેંક ઓફ બરોડા બેન્ક ગોધરાનો રૂપિયા ૬,૦૫,૦૦૦/-નું ચેક લખી આપેલ હતો, પરંતુ તે ચેક ફરિયાદીએ પોતાની બેંક ઓફ ઈન્ડિયા બેન્ક મારફતે ક્લિયરિંગમાં મોકલતા બેંકે બેલેન્સ ન હોવાના કારણસર ચેક પરત કરેલ- તેથી કાયદેસરની નોટિસ આપવા છતાં આરોપીએ ફરિયાદીને ચેકની રકમ ચુકેવેલી નહિ. તેથી ફરિયાદીએ ગોધરા કોર્ટમાં ચેક રિટર્ન ગુનાની ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગોધરા કોર્ટમાં ચાલી જતા કોર્ટમાં રજુ થયેલ પુરાવાઓ અને ફરિયાદીના વકીલની દલીલોને ધ્યાનમાં લઈને ગોધરાના ત્રીજા જ્યુ. મેજી. ફર્સ્ટ કલાસ જજ અલોક ત્રીલોકચંદ તીવારીએ આરોપી મોક્ષાબેન નંદકિશોર ગુપ્તાને ચેક રિટર્ન થવાના ગુનામાં કસુરવાન ઠરાવીને આરોપીને એક વર્ષની જેલની સજા અને રૂપિયા ૬,૦૫,૦૦૦/- નો દંડ નો અને તે દંડ ની રકમમાંથી ફરિયાદીને ચેકની રકમ રૂપિયા ૬,૦૫,૦૦૦/- વળતર તરીકે ચૂકવી આપવાનો અને જો આરોપી દંડ ન ભરે તો વધુ દિન ૧૫ ની જેલની સજાનો દાખલો બેસાડતો હુકમ કરેલ છે.

ગોધરા તાલુકાના ૧૧ ગામોની ગણોતધારા-૪૩ અને ૭૩ એ.એ.ના નિયંત્રણોવાળી ૩૮૮ એકર જમીનો શ્રી સરકાર કરવાનો હુકમ કરાયો

કૃષિ પંચ મામલતદારના હુકમને રદ કરી જમીનો શ્રી સરકાર કરાઈ

ગોધરા,

ગોધરા શહેરની આસપાસના ૮ થી ૧૦ કિ.મી. વિસ્તારના ગામોની ગણોતધારા ૪૩ને આધિન અને ૭૩ એ.એ.ના નિયંત્રણોવાળી જમીનો બિન આદિવાસીઓને ટ્રાન્સફર થયેલ હોવાની રજુઆતોને ધ્યાને લઈને વડોદરા હકક પત્રક ટીમ દ્વારા ગોધરા તાલુકાના ૧૧ ગામોના રેવન્યુ રેકર્ડની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમ્યાન પ્રથમ દ્રષ્ટિએ જે જમીનો સત્તા પ્રકાર ગણોતધારા-૪૩ આધિન બિન તબદીલ અવિભાજય તથા ૭૩ એ.એ.ને આધિન હોવાની આવી જમીનોમાં બન્ને નિયંત્રણો લાગુ પડતા હોય.

ગોધરા તાલુકાના ૧૧ ગામોના રેવન્યુ રેકર્ડની તપાસ વડોદરા હકક પત્રક ટીમ દ્વારા કરવામાં આવી હતી. તપાસ દરમિયાન જાફરાબાદ, ગોવિંદી, કંકુ થાંભલા, નશીરપુર, દરૂણીયા, આંગડીયા, ભામૈયા, કોટડા, સારંગપુર, પોપટપુરા, વાવડી બુઝર્ગ ગામોનો ૧૫૯ સર્વે નંબરની જમીનોના રેકર્ડની ચકાસણી કરવામાં આવી હતી. આ ગામોની જમીનો ગણોતધારા-૪૩ આધિન બિન તબદીલ અવિભાજય અને ૭૩ એ.એ.ના બન્ને નિયંત્રણો હેઠળ આપતી હોવા છતાં આવી જમીનો માટે સક્ષમ અધિકારીની પૂર્વ મંજુરી લીધા વિના જમીનોને અન્યોને તબદીલ અને વેચાણ કરાઈ હોવાનું બહાર આપ્યું હતું. ગોધરા તાલુકાના ૧૧ ગામોની ગણોતધારા-૪૩ની જોગવાઈઓ હેઠળ મામલતદાર અને કૃષિ પંચના હુકમ કાયદાની જોગવાઈ વિરૂદ્ધ હોય જેને લઈ મામલતદાર અને કૃષિ પંચના હુકમો તે રદ કરી ૧૧ ગામોની ૧૫૯ સર્વે નંબરની આશરે ૩૯૦ એકર જેટલી જમીનોને ગોધરા પ્રાંત અધિકારીએ શ્રી સરકાર કરવાના હુકમ કરી ગામ દફતરે નોંધ કરી ફેરફાર કરવાનો હુકમ કરવામાં આવ્યો.

તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

ગોધરા તાલુકાના નદીસર ગામે પાનઈ કોતર આધારિત ગુજરાત રાજય જળ સંપતિ વિકાસ નિગમ ગાંધીનગર અને નર્મદા જળ સંપતિ વિકાસ નિગમ અને કલ્પસર વિભાગ ગાંધીનગર ના સંયુકત ઉપકમે ૫૫.૩૬ લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ થનાર ઉદ્વવહન સિંચાઈ યોજનાનું ખાત મુહૂર્ત નદીસર જિલ્લા પંચાયત સભ્ય અમિત પરમારના હસ્તે કરવામાં આવ્યું હતું. આ યોજના અંતર્ગત નદીસરની ૧૨૮ એકર જમીનમાં સિંચાઈનું આયોજન શકય બનશે અને સેંકડો ખેડૂતોને સિંચાઈ યોજનાનો લાભ મળશે. આ પ્રસંગે નદીસરના સરપંચ કાળુભાઈ નાયક, ડે.સરપંચ વિનુંભાઈ પરમાર સહિત ભાજપના અગ્રણી અને આસપાસના ગામના સરપંચો તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પંચમહાલ જીલ્લામાં આગામી દિવસોમાં ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિરો યોજાશે

ગોધરા,

પંચમહાલ જીલ્લાના ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તકો મળી રહે તે માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગોધરા- પંચમહાલ દ્વારા ત્રણ રોજગાર ભરતી મેળાનું આયોજન કરેલ છે જેમાં તારીખ.૨૦/૦૫/૨૦૨૨ ના રોજ માત્ર દિવ્યાંગ ઉમેદવારો માટે ઈન્ટીગ્રા એન્જીનીયરીંગ ઈન્ડિયા લી. (કંપની), ચંદ્રાપુરા હાલોલ ખાતે સવારે ૦૯.૩૦ કલાકે ભરતી મેળો યોજાશે. જેમાં ડેટા એન્ટ્રી ઓપરેટર, ઓફીસ આસીસ્ટન્ટ, ગાર્ડનર, સિક્યુરીટી વગેરે જગ્યા માટે પંચમહાલ જીલ્લાના નોકરીદાતા દ્વારા ઉમેદવારની લાયકાત મુજબ સ્થળ પર ઈન્ટરવ્યું કરીને રોજગારીની તક આપવામાં આવશે. તા.૨૧/૦૫/૨૦૨૨ ના રોજ માત્ર ડીપ્લોમાં અને ડીગ્રી એન્જીયરીંગ કરેલ ઉમેદવારો તેમજ ફાર્મસી કરેલ ઉમેદવારો માટે એન્જીનીયરીંગ કોલેજ, ટુવા અને બી.ફાર્મસી કોલેજ, રામપુરાના સંયુકત ઉપક્રમે એન્જીનીયરીંગ કોલેજ, ટુવા તા.ગોધરા ખાતે સવારે ૦૯.૩૦ કલાકે ભરતી મેળો યોજાશે. જેમાં જી.ટી.ઈ, એફ.ટી.એ, મશીન ઓપરેટર, ટ્રેઈની, એપ્લીકેશન એન્જી. ફેક્લ્ટી, પંચમહાલ, વડોદરા, અમદાવાદ, રાજકોટ, મહીસાગર અને ખેડા જીલ્લાના નોકરીદાતા દ્વારા ઉમેદવારોની પસદંગી કરીને રોજગારીની તકો આપવામાં આવશે. ભરતી મેળામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ ગુગલ ફોર્મ લીંક https://forms.gle/b6kt3JUbbwpE2bqZ6 ફોર્મમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. તા.૨૬/૦૫/૨૦૨૨ ના રોજ ધો. ૦૮ પાસ, ૧૦ પાસ,૧૨ પાસ, આઈ.ટી.આઈ., ગ્રેજયુએટ, ડીપ્લોમાં, મહિલા તથા પુરૂષ ઉમેદવારો માટે પ્રધાનમંત્રી કૌશલ્ય કેન્દ્ર, (પી.એમ.કે.કે.) સ્વામિનારાયણ મંદિર સામે, પ્રેસીડેન્ટ હ્યુન્ડાઈ શો રૂમ પાસે, દાહોદ રોડ, ગોધરા ખાતે સવારે ૧૦.૩૦ કલાકે ભરતી મેળો અને સ્વરોજગાર શિબિર યોજાશે. જેમાં સેલ્સ, ફાઈનાન્સ પ્લાનર, એકાઉન્ટન્ટ, ટ્રેઈની, સીવણકામ, પેકર, લાઈન ઓપરેટર, ટ્રેઈની જેવી જગ્યા માટે પંચમહાલ, વડોદરા, અમદાવાદ, જીલ્લાના નોકરીદાતા દ્વારા ઉમેદવારોની પસંદગી કરીને રોજગારીની તકો આપવામાં આવશે. ૧૮ વર્ષથી ૩૫ વર્ષ સુધીના ઉમેદવારો ઉપરોક્ત ભરતી મેળાઓમાં લાયકાત મુજબ લાભ લઈ શકશે, વધુમાં ઘેર બેઠા નોકરી માટે રોજગાર કચેરીના અનુબંધમ પોર્ટલ (www.anubandham.gujarat.gov.in) અને એન.સી.એસ પોર્ટલ (www.ncs.gov.in) પર રજીસ્ટ્રેશન કરીને જોબ શોધવા તેમજ રોજગાર સેતુ હેલ્પલાઈન ૬૩૫૭૩૯૦૩૯૦ નો સંપર્ક કરવા અને ઔદ્યોગિક રોજગાર ભરતી મેળામાં કોરોના ગાઈડ લાઈનના પાલન સાથે તમામને ભાગ લેવા રોજગાર અધિકારી એ.એલ.ચૌહાણે જણાવેલ છે.